Saturday, 15 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦




કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૮૭ ● સંવત-૨૦૮૨ કારતક વદ અગિયારસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# દાદરા નગર હવેલીના રાંધા અને આંબોલી ખાતે બે નવનિર્મિત આદિવાસી છાત્રાલયનું સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું









**ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રશાસક પ્રફુલભાઈ પટેલે પોતાના હાથે વિદ્યાર્થીઓને ધાણાં-ગોળનો પ્રસાદ વિતરિત કરી પોતાની સંવેદનશીલતાનો પણ આપેલો પરિચય**

**રાંધા ખાતે વિશ્વ સ્તરીય સુવિધાઓની સાથે કુલ ૮૦ વિદ્યાર્થીઓને રહેવાની ક્ષમતા સાથે ભગવાન બિરસા મુંડા બાળક છાત્રાલયનું કરાયેલું નિર્માણ જ્યારે આંબોલીમાં રાણા પૂંજા ભીલ બાળક છાત્રાલયમાં ૭૨ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથે અદ્યતન સુવિધાઓથી કરાયું છે સુસજ્જીત**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૧૪:** સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે આજે દાદરા નગર હવેલીના રાંધા અને આંબોલી ખાતે બે નવનિર્મિત આદિવાસી છાત્રાલયનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પોતાના હાથે વિદ્યાર્થીઓને ધાણાં-ગોળનો પ્રસાદ વિતરિત કરી પોતાની સંવેદનશીલતાનો પણ પરિચય આપ્યો હતો.

રાંધા ખાતે ભગવાન બિરસા મુંડા બાળક છાત્રાલયનું નિર્માણ વિશ્વ સ્તરીય સુવિધાઓની સાથે કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૮૦ વિદ્યાર્થીઓને રહેવાની ક્ષમતા છે. જ્યારે આંબોલીમાં રાણા પૂંજા ભીલ બાળક છાત્રાલયમાં ૭૨ વિદ્યાર્થીઓની ક્ષમતા સાથે અદ્યતન સુવિધાઓથી સુસજ્જીત કરાયું છે.

દાદરા નગર હવેલીના અનુસૂચિત જનજાતિ(એસ.ટી.) વિદ્યાર્થીઓને સુરક્ષિત ગુણવત્તાપૂર્ણ અને પ્રોત્સાહનજનક શૈક્ષણિક વાતાવરણ મળી રહે તે હેતુથી બંને છાત્રાલયોનું નિર્માણ સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા કરવામાં આવ્યું છે.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના દૂરંદેશી નેતૃત્વ, નિરંતર પ્રયાસ અને જનહિતૈષી દૃષ્ટિકોણથી આ વિસ્તારોમાં છાત્રાલયોના નિર્માણ અને આરંભથી આદિવાસી વિદ્યાર્થીઓને શિક્ષણના ક્ષેત્રે નવી દિશા અને પ્રોત્સાહન મળશે. અનુસૂચિત જનજાતિ સમુદાયના કલ્યાણ અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે પ્રશાસન પ્રતિબધ્ધ હોવાની સાથે ભવિષ્યમાં પણ અનેક જનહિતૈષી યોજનાઓને આગળ વધારવા માટે સંકલ્પબધ્ધ હોવાની પ્રતિતિ પણ કરાવી છે.

આજના કાર્યક્રમમાં બંને સ્થળોએ અધિકારીઓ, સ્થાનિક જન પ્રતિનિધિઓ, ગ્રામજનો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરેકે અદ્યતન સુવિધાઓ જોઈ પ્રસન્નતા અને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું અને સરકારના આ મહત્ત્વપૂર્ણ પગલાંની સરાહના પણ કરી હતી.

**ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષમાં**

## આજે દમણ જિલ્લા આદિવાસી સમાજ દ્વારા 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણી કરાશે

**સવારે ૮:૦૦ વાગ્યે મોટી દમણના ઝરી બિરસા મુંડા ચોક ખાતે ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૧૪:** દમણ જિલ્લા આદિવાસી સમાજ દ્વારા આવતી કાલે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષમાં 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે સવારે ૮:૦૦ વાગ્યે ઝરી મોટી દમણ બિરસા મુંડા ચોક ખાતે ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ આપ્યા બાદ સવારે ૯:૦૦ કલાકે આદિવાસી સાંસ્કૃતિક ભવન મોટી દમણ ખાતે આદિવાસી સમાજના નવનિર્વાચિત સરપંચ, જિલ્લા પંચાયત સભ્યો અને ગ્રામ પંચાયતના સભ્યોના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તમામને દમણ જિલ્લા આદિવાસી સમાજ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.






## સુવિચાર - સદ્‌વિચાર

સંબંધોમાં વિશ્વાસ ક્યારેય તૂટવો નહિ જોઈએ.

## કવિતા-ભજન-પદ-ગરબા

### આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું

આખું જીવન અમે ધીરે ધીરે લખ્યું,
રેત પર જેમ પાગલ સમીરે લખ્યું.

કોરા કાગળ ઉપર બસ સખી રે! લખ્યું,
એથી આગળ નથી મેં લગીરે લખ્યું.

મજનૂ ફરહાદ મહિવાલ હીરે લખ્યું,
લીરે લીલરે ને આખા શરીરે લખ્યું.

રોજ માણસ ઘવાતો રહ્યો ચુપચાપ,
જે લખ્યું તે નીતરતા ઝમીરે લખ્યું.

જો લખું આજે હું તો બીજું શું લખું?
ગાલિબે એ લખ્યું એ જ મીરે લખ્યું.

આપણે ક્યાં કદી કંઈ લખ્યું છે 'રઈશ'?
એક મીરાંએ લખ્યું એક કબીરે લખ્યું.

- રઈશ મનીઆર

## આજની જોક

એક અભિનેત્રીએ બીજીને કહ્યું : 'યાર, ગઈકાલે મારું નાટક એવું જામ્યું કે આખા ઑડિયન્સનાં મોં ફાટેલાં જ રહી ગયાં.'
એ અશક્ય છે. બીજી અભિનેત્રી બોલી : 'રોગ ચેપી છે એ ખરું, પરંતુ એટલા બધા લોકોને બગાસું સાથે આવે એ શક્ય નથી.'

## કબીર વાણી

**કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ;**
**અવસર બિતો જાય તે, ફિર કરોગે કબ?**

**- અર્થાત-**

જે કામ તું કાલે કરવાનો હોય, તે આજેજ કરી લે, અને આજે કરવાનો હોય તે હમણાંજ કરી લે; તક જતી રહ્યા પછી કેમ કરશે?

## આજનો દિન વિશેષ

### બિરસા મુંડા

બિરસા મુંડા (૧૫ નવેમ્બર ૧૮૭૫ - ૯ જૂન ૧૯૦૦) એક ભારતીય આદિવાસી સ્વતંત્રતા કાર્યકર અને લોકનાયક હતા જે મુંડા જાતિના હતા. તેમણે ૧૯મી સદીના અંતમાં બંગાળ પ્રેસિડેન્સી (હવે ઝારખંડ) માં બ્રિટિશ રાજ દરમિયાન ઉદ્ભવેલા આદિવાસી ધાર્મિક સહસ્ત્રાબ્દી ચળવળનું નેતૃત્વ કર્યું હતું, જેના કારણે તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ વ્યક્તિ બન્યા હતા. આ બળવો મુખ્યત્વે ખૂંટી, તામર, સરવાડા અને બંધગાંવના મુંડા પટ્ટામાં કેન્દ્રિત હતો.

બિરસાએ તેમના શિક્ષક જયપાલ નાગના માર્ગદર્શન હેઠળ સાલગામાં શિક્ષણ મેળવ્યું. બાદમાં, બિરસાએ જર્મન મિશન સ્કૂલમાં જોડાવા માટે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. શાળા છોડી દીધા પછી, બિરસા મુંડાએ બિરસૈત નામનો ધર્મ બનાવ્યો. મુંડા સમુદાયના સભ્યો ટૂંક સમયમાં આ ધર્મમાં જોડાવા લાગ્યા જે બદલામાં બ્રિટિશ પ્રવૃત્તિઓ માટે એક પડકાર બની ગયો. બિરસૈતોએ ખુલ્લેઆમ જાહેર કર્યું કે વાસ્તવિક દુશ્મનો ખ્રિસ્તી મુંડા નહીં પણ બ્રિટિશ હતા. મુંડા બળવાનું કારણ ''વસાહતી અને સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવતી અન્યાયી જમીન હડપ કરવાની પ્રથાઓ'' હતી જેણે આદિવાસી પરંપરાગત જમીન વ્યવસ્થાને તોડી પાડી હતી.'' બિરસા મુંડા બ્રિટિશ ખ્રિસ્તી મિશનરીઓને પડકારવા અને મુંડા અને ઓરાઓન સમુદાયો સાથે ધર્માંતરણ પ્રવૃત્તિઓ સામે બળવો કરવા માટે જાણીતા છે. તેમનો ફોટો ભારતીય સંસદ સંગ્રહાલયમાં લટકાવવામાં આવ્યો છે.

## બાળવાર્તા

### તેનાલી રામા અને જાદુગર



એકવાર વિજયનગર રાજ્યના રાજા કૃષ્ણદેવ રાયના દરબારમાં એક જાદુગર આવ્યો. જાદુગર અનેક કળાઓમાં જાણકાર હતો. તેને પોતાની કલા પર ખૂબ ગર્વ હતો. તેણે રાજાના દરબારમાં પોતાની અનેક કળા બતાવીને સૌના મન મોહી લીધા. તેની જાદુઈ કળા જોઈને રાજા, દરબારીઓ અને મંત્રીઓ ખૂબ ખુશ થયા.

રાજા તેની કળાથી એટલો પ્રભાવિત થયો કે તેણે જાદુગરને ઘણા સોનાના સિક્કા આપીને ઈનામમાં આપ્યા. પરંતુ, દરબારમાં બેઠેલા તેનલીરામ માત્ર તેની ચતુરાઈ જોઈ રહ્યા હતા. જાદુગર દરબાર છોડીને જવાનું શરૂ કરે છે. તે પોતાને સર્વશ્રેષ્ઠ ગણાવતા આ કહે છે. જો કોઈ મારી જેમ જાદુ કરે તો હું જાદુ કરવાનું બંધ કરી દઈશ. એટલું જ નહીં, તે પોતાના અભિમાનમાં એટલો નશો ચડી ગયો કે તેણે કહ્યું, 'આ દુનિયામાં મારી સાથે કોઈ સ્પર્ધા કરી શકે નહીં.'

દરબારના તમામ મંત્રીઓ તેમની ઘમંડી વાતો સાંભળી રહ્યા હતા. પરંતુ, જ્યારે પાણી માથા ઉપરથી વહેવા લાગ્યું. ત્યાં બેઠેલા પંડિત તેનાલી રામ દરબારમાં ઊભા થયા અને જાદુગરને પડકાર આપ્યા જો તમે જાદુ કે ચમત્કારમાં એક્સપર્ટ છો તો મારી ચેલેન્જ સ્વીકારો અને મારી સાથે જાદુ કરો.

જાદુગરે ઉત્સાહથી માથું હલાવ્યું. તેનાલીરામે કહ્યું, હું જે પણ પરાક્રમ આંખો બંધ કરીને કરીશ, તે તારે આંખો ખુલ્લી રાખીને કરવું પડશે.' શું તમે મારો આ પડકાર સ્વીકારો છો? જાદુગર હા કહે છે કારણ કે તે ગર્વથી ભરેલો છે. તેનાલી રામે લાલ મરચાંનો પાવડર મંગાવ્યો અને આંખો બંધ કરીને લગાવ્યો. થોડા સમય પછી, તેણે તેને નીચે ઉતારી, તેને કપડાથી સાફ કરી અને ઠંડા પાણીથી તેની આંખો ધોઈ.ઘમંડી જાદુગર તેનાલીરામના પગમાં પડ્યો અને તેના ઘમંડ માટે બધાની સામે શરમ અનુભવવા લાગ્યો. તેનાલીરામની બુદ્ધિમત્તા અને ચતુરાઈ જોઈને રાજા કૃષ્ણદેવરાયે તેને ઘણા સોનાના સિક્કા આપ્યા.

### પ્રચંડ જીત બાદ બીજેપી હેડક્વાર્ટર પહોંચ્યા PM મોદી

# વડાપ્રધાન મોદીએ બિહારી સ્ટાઈલમાં લહેરાવ્યો ગમછો

### અમે લોકોના દિલ ચોરીને બેઠા છીએ તેથી, આજે બિહારે જાહેર કર્યું છે, ફરી એકવાર, એનડીએ સરકાર : મોદી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૧૪**

બહારમાં પ્રચંડ જીત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભાજપ મુખ્યાલય પહોંચ્યા હતા. ગૃહ મંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જેપી નડ્ડા અને રક્ષા મંત્રી રાજનાથ સિંહ પણ હાજર હતા. ભાજપ હેડક્વાર્ટર પહોંચ્યા બાદ પીએમ મોદીએ બિહારી સ્ટાઈલમાં ગમછો લહેરાવ્યો હતો.

ફૂલોની વર્ષા અને "મોદી, મોદી" ના નારા વચ્ચે પ્રધાનમંત્રી મોદી સ્ટેજ પર પહોંચ્યા હતા. અમિત શાહ, જેપી નડ્ડા અને રાજનાથ સિંહે તેમનું પુષ્પગુચ્છોથી સ્વાગત કર્યું હતું. બિહારમાં એનડીએની પ્રચંડ જીત પર ભાજપ મુખ્યાલયમાં ઉજવણી ચાલી રહી છે.

બિહાર ચૂંટણીમાં ઐતિહાસિક જીત બદલ ઉજવણી કરતા ભાજપના કાર્યકરો અને નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કર્યું અને તેમનો આભાર માન્યો. પીએમ મોદીએ બિહારી શૈલીમાં ગમછો લહેરાવીને બિહારના લોકોને એનડીએની જીતનો સંદેશ આપ્યો.

કાર્યકર્તાઓને સંબોધતા, પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે બિહારમાં જંગલરાજ યુગ દરમિયાન, ચૂંટણી મતપેટીઓ ખુલ્લેઆમ લૂંટાઈ હતી, અને સેંકડો સ્થળોએ ફરીથી મતદાન થયું હતું. ૨૦૦૦માં બિહારમાં વિધાનસભા ચૂંટણીમાં આશરે ૧,૫૦૦ બૂથ પર ફરીથી મતદાન થયું. મોદીએ કહ્યું કે બિહાર હવે બદલાઈ ગયું છે. લોકો નિર્ભયતાથી, તેમની પસંદગી મુજબ મતદાન કરે છે અને આ પરિવર્તન બિહારના સારા ભવિષ્યની ખાતરી આપે છે. પીએમ મોદીએ કહ્યું કે બિહારથી ગંગા નદી બંગાળ જાય છે, ત્યારે અમે બંગાળમાંથી પણ જંગલરાજને ઉખાડી ફેંકીશું.

બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામમાં અત્યાર સુધીના વલણોમાં NDAને ૧૯૦થી વધુ બેઠકો મળતી દેખાઈ રહી છે. ૨૪૩ સભ્યોવાળી વિધાનસભામાં બહુમત આંકડો ૧૨૧ છે, અને NDA તેનાથી ઘણી વધારે લીડ મેળવી ચૂક્યું છે. બીજી તરફ વિપક્ષી મહાગઠબંધનના કારમી હાર થઈ છે.



બિહારમાં NDAની બમ્પર જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી ખાતે ભાજપ હેડક્વાર્ટર પહોંચ્યા હતા. જ્યાં તેમણે પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કર્યા. મંચ પર વડાપ્રધાન મોદીની સાથે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા હતા.

ભાજપ કાર્યાલય ખાતે પાર્ટીના કાર્યકરોને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું, આ પ્રચંડ જીત, આ અતૂટ વિશ્વાસ... બિહારના લોકોએ ખૂબ જ મોટું કામ કર્યું છે.

અમે NDAના લોકો, અમે તો જનતાના સેવક છીએ. અમે અમારી મહેનતથી લોકોને ખુશ કરવાનું ચાલુ રાખીએ છીએ, અને અમે લોકોના દિલ ચોરીને બેઠા છીએ. તેથી, આજે બિહારે જાહેર કર્યું છેઃ ફરી એકવાર, એનડીએ સરકાર.

### બિહારમાં NDA ફરી એકવાર સરકાર બનાવવા તૈયાર

# બિહારમાં મહાગઠબંધનના સૂપડા સાફ, NDA ને ૨૦૦ થી વધુ બેઠકો પર લીડ

### ચૂંટણીના પરિણામો આવતાની સાથે જ પ્રશાંત કિશોરની જન સૂરાજ પાર્ટી (JSP)ની આશાઓ પર પાણી ફરી વળ્યું



**Bihar Election Results**

| | |
|---|---|
| NDA | 202 |
| MGB | 35 |
| OTH | 06 |

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**પટણા, તા.૧૪**

બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે. સવારે ૮ વાગ્યાથી મતગણતરી શરુ છે. આ દરમિયાન, બિહારમાં NDA ફરી એકવાર સરકાર બનાવવા માટે તૈયાર છે. પ્રારંભિક વલણો સૂચવે છે કે NDA એ નોંધપાત્ર લીડ સ્થાપિત કરી છે. અત્યાર સુધીમાં, NDA બહુમતી માટે ૧૨૨ બેઠકોનો જાદુઈ આંકડો પાર કરી ચૂક્યું છે.

NDA હાલમાં ૨૦૦ થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. હાલમાં ગણતરી ચાલુ છે, અને NDA વધુ બેઠકો મેળવી શકે છે. બપોરે ત્રણ વાગ્યાના આંકડા મુજબ ભારતીય જનતા પાર્ટી ૯૫ બેઠકો પર આગળ, જેડીયૂ ૮૪ બેઠકો પર આગળ, એલજેપી (રામવિલાસ પાસવાન) ૨૦ બેઠકો પર, જ્યારે હમ ૫ બેઠકો પર આગળ છે, જ્યારે આરએલએમ ૪ બેઠકો પર આગળ છે. હાલમાં ૨૦૮ બેઠકો પર એનડીએ ગઠબંધન આગળ ચાલી રહ્યું છે.

જ્યારે મહાગઠબંધન ૨૮ બેઠકો પર આગળ છે. જેમાં આરજેડી ૨૪ બેઠકો, કૉંગેસ ૨, લેફ્ટ ૨ અને વીઆઈપી, આઈઆઈપી ખાતું ખોલાવી શકી નથી. બિહાર ચૂંટણીમાં મહાગઠબંધનનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે.

ચૂંટણી પંચના અત્યાર સુધીના વલણોમાં ચિરાગ પાસવાન માટે સારા સમાચાર છે. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી (રામવિલાસ, એલજેપીઆર) ૨૨ બેઠકો પર આગળ છે. ચિરાગ પાસવાનની પાર્ટી ૨૯ બેઠકો પર ચૂંટણી લડી હતી.બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો આવતાની સાથે જ પ્રશાંત કિશોરની જન સૂરાજ પાર્ટી (JSP) ની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. શરૂઆતના વલણો દર્શાવે છે કે જનસુરાજ કોઈ બેઠક જીતી શકી નથી, જ્યારે એક્ઝિટ પોલમાં ૦-૫ બેઠકો જીતવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

૨૦૨૫ બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતગણતરી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૮ વાગ્યે શરૂ થઈ હતી. ચૂંટણી પરિણામો આજે સાંજ સુધીમાં જાહેર કરવામાં આવશે. હાલમાં મતગણતરી ચાલી રહી છે અને પ્રારંભિક વલણોમાં NDA એ ૨૦૦થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. પ્રારંભિક વલણો સૂચવે છે કે NDA ફરી એકવાર બિહારમાં જંગી જીત માટે તૈયાર છે, જ્યારે મહાગઠબંધન ખૂબ જ પાછળ દેખાય છે. બિહારમાં સરકાર બનાવવા માટે જરૂરી બહુમતી ૧૨૨ છે.

### અઠવાડિયામાં જ રૂ.૧૦૦ નો ઉછાળો નોંધાયો

# માવઠા બાદ સિંગતેલના ભાવમાં જબરદસ્ત વધારો

### સિંગતેલનો ૧૫ કિલોનો ડબ્બો રૂ.૨૬૨૦ સુધી પહોંચ્યો



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ, તા.૧૪**

રાજકોટની બજારમાં આજે ફરી એક વખત સિંગતેલના ભાવો ચર્ચાનો વિષય બન્યા છે. સતત વધતા ભાવોના કારણે ઘરગથ્થુ ગ્રાહકો થી લઈને વેપારીઓ સુધી સૌની ચિંતા વધી રહી છે. સિંગતેલનો ૧૫ કિલોનો ડબ્બો હવે રૂ.૨૬૨૦ સુધી પહોંચ્યો છે. જ્યારે માત્ર એક અઠવાડિયામાં જ રૂ.૧૦૦ નો ઉછાળો નોંધાયો છે.

માવઠાએ મગફળીના પાકને નુકસાન થયું છે અને ઉત્પાદન ઓછું થયું છે. બજારમાં મગફળી વેંચાવવા આવે છે તેની ક્વોલિટી પણ નબળી પડી છે. આ સીધી અસર હવે તેલના બજારમાં જોવા મળી રહી છે. નવા સિંગતેલના ડબ્બાના આજે ૨૬૦૦ થી ૨૬૨૦ સુધીના ભાવ નોંધાયા છે. જે બજારમાં સર્જાયેલી તંગીનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.તેલ મિલરો અને વેપારીઓનું કહેવું છે કે માવઠા પછી પીલાણ માટે યોગ્ય મગફળી મળી રહી નથી, જેના કારણે બજારમાં સારો માલ ટૂંકો પડી રહ્યો છે. માલની ખેંચ વધતા સિંગતેલના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. જો આગામી દિવસોમાં મગફળીની આવકમાં વધારો થશે તો બજારમાં સપ્લાય સરળ બનશે અને ભાવો સામાન્ય સ્તરે આવી શકે એવી આશા વ્યક્ત થઈ રહી છે.

### દેડિયાપાડા ખાતે સભાને સંબોધન કરશે

# આજે ગુજરાત આવશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, બિહારમાં જીત બાદ પહેલી મુલાકાત

### ૫૦૮ કિલોમીટર લાંબા કોરિડોર, મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર (MAHSR) ની કામની સમીક્ષા કરશે




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૪**

૧૫ નવેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે, ત્યારે તેઓ સવારે ૧૦ વાગ્યાની આસપાસ સુરત પહોચશે અને સુરતમાં બુલેટ ટ્રેનના કામ વિશે માહિતી લેશે, આ ભારતના સૌથી મોટા માળખાગત પ્રોજેક્ટ્સમાંનો એક છે અને દેશમાં હાઈ-સ્પીડ કનેક્ટિવિટીના નવા યુગની શરૂઆત દર્શાવે છે.

પીએમ મોદીના સમગ્ર કાર્યક્રમ વિશે વાત કરીએ તો સવારે ૧૦ વાગ્યા આસપાસ સુરત પહોંચશે, ત્યારબાદ સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લેશે અને મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ બુલેટ ટ્રેનના કામની સમીક્ષા કરશે. જે બાદ બપોરે ૧૨.૪૫ કલાકે નર્મદા દેવમોગરા જવા રવાના થશે. બપોરે ૨.૩૦ કલાકે દેડિયાપાડા ખાતે સભાને સંબોધન કરશે.

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર આશરે ૫૦૮ કિલોમીટર લાંબો છે. આ કોરિડોરનો ૩૫૨ કિલોમીટર ગુજરાત અને દાદરા અને નગર હવેલીમાં આવેલો છે, જ્યારે ૧૫૬ કિલોમીટર મહારાષ્ટ્રમાં આવેલો છે. આ કોરિડોર સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા, વાપી, બોઈસર, વિરાર, થાણે અને મુંબઈ જેવા મુખ્ય શહેરોને જોડશે, જે ભારતના પરિવહન માળખામાં એક પરિવર્તનશીલ પગલું છે.

આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર અદ્યતન ઈજનેરી તકનીકોનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલ, પ્રોજેક્ટનો ૪૬૫ કિમીનો માર્ગ (લગભગ ૮૫ ટકા રૂટ) પુલો પર બાંધવામાં આવ્યો છે. આ ઓછામાં ઓછી જમીનની ખલેલ અને સુધારેલી સલામતી સુનિશ્ચિત કરે છે. આજ સુધીમાં, ૩૨૬ કિમીનું કામ પૂર્ણ થયું છે, અને ૨૫ નદી પુલોમાંથી ૧૭ પૂર્ણ થયા છે. પૂર્ણ થયા પછી, બુલેટ ટ્રેન મુંબઈથી અમદાવાદનો મુસાફરીનો સમય લગભગ ૨ કલાક ઘટાડશે. આ મુસાફરીને ઝડપી, સરળ અને વધુ આરામદાયક બનાવશે, જે એક ક્રાંતિકારી પરિવર્તન દર્શાવે છે. આ પ્રોજેક્ટ સમગ્ર કોરિડોર પર વેપાર, પર્યટન અને આર્થિક પ્રવૃત્તિને વેગ આપશે અને પ્રાદેશિક વિકાસને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે.

સુરત-બિલીમોરા સેક્શન, આશરે ૪૭ કિલોમીટર લાંબો, બાંધકામના અંતિમ તબક્કામાં છે. સિવિલ વર્ક અને ટ્રેક લગાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. સુરત સ્ટેશનની ડિઝાઈન શહેરના વિશ્વ વિખ્યાત હીરા ઉદ્યોગથી પ્રેરિત છે, જે તેની ભવ્યતા અને કાર્યક્ષમતા બંનેને પ્રતિબિંબિત કરે છે.

આ સ્ટેશન મુસાફરોની સુવિધાઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેમાં જગ્યા ધરાવતા વેઈટિંગ રૂમ, શૌચાલય અને છૂટક દુકાનોનો સમાવેશ થાય છે. તે સુરત મેટ્રો, સિટી બસો અને ભારતીય રેલ્વે નેટવર્ક સાથે સીમલેસ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી પણ પ્રદાન કરશે.

### સ્થાયી સુચના બાદ રીપેરિંગ શરૂ કરાયું

# પીપલોદના લેક વ્યુ ગાર્ડનમાં મેઈન્ટેનન્સ અભાવે મુલાકાતીઓ ઈજાગ્રસ્ત થયા

### પાલિકા અને ભાગીદાર કંપનીની બેદરકારીના કારણે ગાર્ડનમાં મુલાકાતે આવતા કેટલાક લોકોને ઈજા થઈ હતી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૧૪**

સુરત પાલિકાના અઠવા ઝોનમાં લેક વ્યુ ગાર્ડનમાં મેઈન્ટેનન્સ ન થતું હોવાથી વોક વે અને રમત ગમતના સાધનો તુટ્યા હતા. પાલિકા અને ભાગીદાર કંપનીની બેદરકારીના કારણે ગાર્ડનમાં મુલાકાતે આવતા કેટલાક લોકોને ઈજા થઈ હતી. આ ફરિયાદ બાદ સ્થાનિક કોર્પોરેટરે ઝોન અને એજન્સી બન્નને ફરિયાદ કરી છતાં કોઈ રીપેરીંગ કામગીરી થઈ ન હતી. ગત સ્થાયી સમિતિની બેઠકમાં ફરિયાદ થયા બાદ ગંભીર નોંધ લઈ એક અઠવાડિયામાં કામગીરીનો રિપોર્ટ સાથે હાજર રહેવા તાકીદ કરતા તાત્કાલિક રીપેરીંગ કામ શરૂ કરી દેવાયું હતું.




સુરતના ગાર્ડનને ઝીરો મેઈન્ટેનન્સ માટે પીપીપી મોડલ અપનાવ્યું છે પરંતુ કેટલીક જગ્યાએ પાલિકા સાથે ભાગીદારી કરનારી એજન્સીની નબળી કામગીરીનો ભોગ ગાર્ડનના મુલાકાતીઓ બની રહ્યા છે. સુરતના પીપલોદ વિસ્તારમાં લેક વ્યુ ગાર્ડનને પીપીપી મોડલ પર ટોરેન્ટ કંપનીને આપવામાં આવ્યો છે. જોકે, છેલ્લા ઘણા વખતથી ગાર્ડનમાં મેઈન્ટેનન્સ થતું ન હોવાથી વોક વે ઉખડી ગયો છે અને રમત ગમતના સાધનો પણ તુટી ગયા હતા. જેથી વોક વેનો ઉપયોગ કરનારા કેટલાક મુલાકાતીઓ પડી ગયા હતા અને ઈજા પણ થઈ હતી. આ અંગે સ્થાનિક કોર્પોરેટર અને સ્થાયી સમિતિના સભ્ય ડિમ્પલ કાપડીયાએ અઠવા ઝોન અને ટોરેન્ટ કંપનીને ફરિયાદ કરી હતી. જોકે, આ ફરિયાદ બાદ પણ રીપેરીંગ કામગીરી ન થતા સ્થાયી સમિતિની બેઠકમાં ફરિયાદ કરવામાં આવી હતી.

સ્થાયી અધ્યક્ષે ફરિયાદ ગંભીરતાથી લઈ ઝોન અને ટોરેન્ટ કંપનીના પ્રતિનિધિ એક અઠવાડિયા પછીની સ્થાયી સમિતિમાં કામગીરીનો અહેવાલ સાથે હાજર રહેવા તાકીદ કરી હતી. જેના કારણે કંપની દ્વારા તાત્કાલિક રીપેરીંગ કરીને ફોટોગ્રાફ સાથે વિગતો સ્થાયી સમિતિને આપી હતી. આ ઉપરાંત થોડા જ દિવસમાં મેન્ટેનન્સની કામગીરી પૂરી થશે તેવી બાંહેધરી પણ આપી છે.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો**
**સંજય તાડા - 99244 66899 / સુરેશ ઉમતિયા - 98259 89444**

# વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ માટે રચાયેલી સમિતિની પ્રથમ બેઠક મળી

## વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સંભાળ માત્ર શિક્ષણ વ્યવસ્થાનો ભાગ નથી, પરંતુ સમાજની સામૂહિક જવાબદારીઃ અધિક નિવાસી કલેક્ટર મહિપાલસિંહ ચુડાસમા



**વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ, દબાણ, પરીક્ષાનો ભય અને અન્ય માનસિક સ્વાસ્થ્ય અંગે ચર્ચા કરવામાં આવી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યના રક્ષણ, દેખરેખ, નિરીક્ષણ તથા આત્મહત્યા જેવા છેવટના પગલાં અટકાવવા માટેની કાર્યવાહી અંગે કલેક્ટર કચેરી, વલસાડ ખાતે રચાયેલી સમિતિની પ્રથમ બેઠક અધિક નિવાસી કલેક્ટરશ્રી મહિપાલસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા અધિક નિવાસી કલેક્ટરશ્રી મહિપાલસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની સંભાળ માત્ર શિક્ષણ વ્યવસ્થાનો ભાગ નથી, પરંતુ સમાજની સામૂહિક જવાબદારી છે. દરેક શિક્ષક, વાલી અને પ્રશાસન સાથે મળીને કાર્ય કરે ત્યારે જ આપણે આપણા ભવિષ્યને સુરક્ષિત કરી શકીએ છે. જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજેશ્રી એલ. ટંડેલ દ્વારા સમિતિની રચના, કાર્યપદ્ધતિ તથા આગામી કામગીરી અંગે વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે શૈક્ષણિક સંસ્થાઓમાં હાથ ધરાયેલી પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓના માનસિક હિત માટે ચાલી રહેલી પહેલ વિશે માહિતી આપી હતી.

બેઠક દરમિયાન વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવ, દબાણ, પરીક્ષાનો ભય અને અન્ય માનસિક સ્વાસ્થ્ય સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ સમયસર સહાય મેળવી શકે અને પોતાના વિચારો વ્યક્ત કરી શકે તે માટે યોગ્ય માધ્યમો વિકસાવવા અંગે ચર્ચા થઈ હતી. વિદ્યાર્થીઓ કોઈ પણ પ્રકારનો માનસિક તણાવ, હતાશા કે નિરાશા અનુભવે અથવા આત્મહત્યા જેવા વિચારો આવે તે સમયે, તેઓ તાત્કાલિક સહાય મેળવી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી ટેલિમાનસ હેલ્પલાઇન નંબર ૧૪૪૧૬ અંગે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. આ હેલ્પલાઇન દ્વારા નિષ્ણાત મનોચિકિત્સકો અને કાઉન્સેલર્સ દ્વારા ૨૪×૭ માર્ગદર્શન ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓ કે તેમના પરિવારજનો આત્મહત્યા નિવારણ માટે આ નંબર પર સીધો સંપર્ક કરી શકે છે. સમિતિએ નક્કી કર્યું કે, ટેલિમાનસ ૧૪૪૧૬ની માહિતી દરેક શાળા, કોલેજ અને શૈક્ષણિક સંસ્થામાં ફરજિયાત રીતે પહોંચાડવામાં આવે તથા શિક્ષકો અને વાલીઓને પણ તેના વિશે જાગૃત કરવામાં આવે એ જરૂરી છે.

બેઠકમાં સમિતિના સભ્યો દ્વારા નીચે મુજબના સૂચનો રજૂ કરાયા હતા, જેમાં શાળાઓમાં માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન હાથ ધરવું, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓને સંવેદનશીલતા અંગે માર્ગદર્શન આપવું, કાઉન્સેલિંગ અને માર્ગદર્શન કાર્યક્રમોનું આયોજન કરવું તેમજ તણાવમુક્ત વાતાવરણ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા અંગે ચર્ચા થઈ હતી. બેઠકમાં સમિતિના સભ્યો, વિવિધ શાસકીય વિભાગોના અધિકારીઓ, શિક્ષણ વિભાગના પ્રતિનિધિઓ તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અતુલ ખાતે ''ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૨૫''નો શુભારંભ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

બલસાર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશન અને અતુલ ક્લબના સંયુક્ત ઉપક્રમે ''ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશીપ-૨૦૨૫''નું આયોજન તા.૧૪, ૧૫, ૧૬ના રોજ અતુલ ક્લબ ખાતે કરવામાં આવ્યું છે. બલસાર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખશ્રી અર્ચનાબેનના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટનો શુભારંભ થયો હતો. જેમાં થેમસ પી.સૂરતી રેફ્રી અને ડે. રેફ્રી સાથે અમ્પાયરની ટીમ, બેડમિન્ટનના ખેલાડીઓ અને ટૂર્નામેન્ટના આયોજક વિવેક દેસાઈની હાજરી પ્રોત્સાહક બની હતી. સમગ્ર ગુજરાતના અગ્રીમ બેડમિન્ટન ખેલાડીઓ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. મેન સિંગલ્સ, મેન ડબલ્સ, વુમન સિંગલ્સ, વુમન્સ ડબલ્સ અને મીક્ષ ડબલ્સની મેચો ત્રણ દિવસ રમાડવામાં આવશે.

### અઠવા લાઈન્સ સોમનાથ સોસાયટી સ્થિત સુરતનું સ્વયંભૂ પ્રગટ શિવલિંગ ધરાવતા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે

# ૩૦મી નવેમ્બરના રવિવારે સોમનાથ મહાદેવ દાદાની સાલગીરી નિમિત્તે હોમાત્મક લઘુરુદ્ર મહોત્સવ યોજાશે





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સુરત, તા.૧૪**

સુરત શહેરના અઠવા લાઈન્સ રોડ પર સરગમ શોપિંગ સેન્ટરના પાછળ આવેલ સોમનાથ સોસાયટી સ્થિત સુરતનું સ્વયંભૂ પ્રગટ શિવલિંગ ધરાવતા શ્રી સોમનાથ મહાદેવ મંદિર ખાતે તા.૩૦નવેમ્બર, ૨૦૨૫ માગશર સુદ દશમ - રવિવારના રોજ સોમનાથ મહાદેવ દાદાની પવિત્ર સાલગીરી નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્રનો વિશેષ મહોત્સવ યોજવામાં આવી રહ્યો છે. મહાદેવની કૃપા પ્રાપ્ત કરવાની દિવ્ય તકરૂપ આ લઘુરૂદ્ર પૂજનમાં શ્રદ્ધાભાવો સાથે બેસવા ઈચ્છતા સર્વે ભાવિકોએ પોતાના નામ મહારાજશ્રી પાસે પૂર્વ નોંધણી કરાવવાની વિનંતી છે. સાલગીરીના આ પવિત્ર અવસરે ઘીના કમળનું વિશેષણ અર્પણ તેમજ મંદિરનો દૈવી શણગાર અને તમામ દેવ-દેવીઓના નવા વસ્ત્રોનું અર્પણ કરવામાં આવશે. જે ભક્તો મંદિર શણગાર અથવા વસ્ત્ર અર્પણની સવા તેમના તરફથી આપવા ઈચ્છતા હોય તેમણે મહારાજશ્રીને સંપર્ક કરવો. સાંજે ૭:૦૦ કલાકે આરતી તથા બાદમાં પ્રસાદી ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. ભંડારાનો લાભ લેવા ઈચ્છતા ભક્તોએ પોતાના પરિવાર સાથે તા.૨૭-૧૧-૨૦૨૫ સુધીમાં પાસ લેવાની વિનંતી છે. ભંડારામાં તથા સમગ્ર કાર્યક્રમમાં જે ભક્તો સેવાભાવી કોઈપણ પ્રકારની સેવા આપવા ઈચ્છતા હોય તેઓએ પણ મહારાજશ્રીનો સંપર્ક કરવો. મહારાજશ્રી - ભવનેશ એન. ગોસાઇ (મો.૯૮૭૯૦ ૦૪૬૭૭) વરિષ્ઠ પત્રકાર શ્રી ભરતભાઈ શાહ જણાવે છે કે, આ પવિત્ર સોમનાથ મહાદેવ મંદિરે ચેન્નઈ કાંચી કામકોઠી પીઠના પરમ પૂજ્ય શંકરાચાર્ય શ્રી જયેન્દ્ર સરસ્વતીજી પોતાના પાવન ચરણોથી આ ધામને ધન્ય કરી ચૂક્યા છે. ૭ માર્ચ ૨૦૨૨ના રોજ બ્રહ્મલિન થયેલા આ મહાપુરૂષે પણ સુરતના આ જ સોમનાથ મંદિરમાં પધારી શિવકૃપાનો આશીર્વાદ વરસાવ્યો હતો. યાદગાર રૂપે ઉપલબ્ધ એક દુર્લભ ફોટોગ્રાફમાં શ્રી ભરતભાઈ શાહ અને તેમની સ્વ.પત્ની પ્રતિભાબેન શાહના આપૂર્ણ દર્શન થાય છે. તે પ્રસંગે તત્કાલીન પૂજારી શ્રી નટુભાઈ ગોસાઈએ પણ તેમને આશીર્વાદનો લાભ અપાવ્યો હતો. સ્વ. પ્રતિભાબેન શાહે તા.૧૦.૦૫.૨૦૧૬ના રોજ પૃથ્વીલોકમાંથી સ્વર્ગલોકમાં પ્રયાણ કર્યું હતું. તેઓ અંબા માતાની તપસ્વી હતા અને તે દિવસે માતાજીનો હાર ધારણ કરી દેવધામે ગયા-જેને કારણે તેઓને મોક્ષપ્રાપ્તિ થયાનું વરિષ્ઠ પત્રકાર શ્રી ભરતભાઈ શાહ જણાવે છે. આ મુજબ ફરીથી યાદ કરાવી દેવામાં આવે છે કે, તા.૩૦.૧૧.૨૦૨૫, રવિવાર-માગશર સુદ દશમના પવિત્ર દિવસે સોમનાથ મહાદેવ દાદાની સાલગીરી નિમિત્તે હોમાત્મક લઘુરૂદ્ર મહોત્સવનું ભવ્ય આયોજન છે. સર્વે ભાવિકોએ આ દૈવી લાભ ગ્રહણ કરવાની વિનંતી.

# પારડીના સામરપાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના સામરપાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માસ્ટર ટ્રેનર ધર્મેશભાઈ પટેલ, એગ્રી આસિસ્ટન્ટ સોહીલ ગાંવિત અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન મહેન્દ્રભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. તજજ્ઞો દ્વારા રાસાયણિક ખાતરો અને ઝેરી દવાના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડી રહ્યું હોવાનું જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતીથી રસાયણ મુક્ત ઉત્પાદન લઈ શકાય છે તથા આવનારી ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણ મુક્ત અને ઉપજાવ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

# વલસાડના ભૂતસર ગામમાં ચુસીયા જીવાત અટકાવવા માર્ગદર્શન અપાયું




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ તાલુકાના ભુતસર ગામમાં પ્રાકૃતિક કૃષિનું તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માસ્ટર ટ્રેનર ધર્મેશભાઈ અને એગ્રી આસિસ્ટન્ટ ટીનાબેન દ્વારા પ્રાકૃતિક કૃષિમાં આવતા પાંચ આયામો અને રવિ કૃષિ માટે પાક સંરક્ષણ અને ચૂસીયા પ્રકારની જીવાત અટકાવવા માટે બ્રહ્માસ્ત્ર અને નિમાસ્ત્ર દસ પર્ણીય અર્ક વિશેની ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

# વલસાડના ફણસવાડામાં રાસાયણિક ખેતીથી લોકોનું સ્વાસ્થ્ય બગડી રહ્યું હોવાની સમજ અપાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ તાલુકાના ફણસવાડા ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રોજેક્ટ મેનેજર શિવાનીબેન ગઢવી, કોમ્યુનિટી રિસોર્સ પર્સન જાગૃતિબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડી રહ્યુ હોવાનું જણાવ્યું હતું. જ્યારે પ્રાકૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે. આવનારી ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણ મુક્ત અને ઉપજાવ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

# ઉમરગામના કાલય ગામમાં પરોપરકારી ગણાતી પ્રાકૃતિક ખેતીના ફાયદા સમજાવાયા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કાલય ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન મોનિકાબેન તથા કૃષિ સખી નિશાબેન દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડ્યુ છે, પરંતુ પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે ઝેર મુક્ત અનાજ અને શાકભાજીની ખેતી કરી દરેક લોકોનું સ્વાસ્થ્ય સારું રાખી પૂણ્યનું કાર્ય કરી શકીએ છે તે અંગે માહિતી આપી હતી.

# લીંબડી ગોપાલ સમુદાયના હેમાંગિનીબાઈ મહાસતીજીની ભરૂચના સેવાભાવી અશોકભાઈ પ્રજાપતિના ઘરે ૪ દિવસ માટે પધરામણી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) (ભરતભાઈ શાહ દ્વારા) સુરત, તા.૧૪**



લીંબડી ગોપાલ સમુદાયના હેમાંગિનીબાઈ (ઉ.વ.૮૫) આ મહાસતીજીએ ચારેક દિવસ માટે ભરૂચના સેવાભાવી અશોકભાઈ પ્રજાપતિને ત્યાં સ્થિરતા કરી હતી, જેનો લાભ સૌને અશોકભાઈએ અપાવ્યો હતો. તેઓ કલકત્તાથી પધાર્યા હતાં.

ત્રણ બહેનો દીક્ષાર્થી, ત્રણ ભાઈઓમાંથી એક ભાઈ નથી. અગામી તા.૨૪, ૨૫, ૨૬ તારાપુર ચોકડી ખાતે દીક્ષા સમારોહમાં પધારવા સૌને સ્નેહભર્યું નિયંત્રણ સૌને પાઠવવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓને લાભ લેવા જણાવાયું છે.

# વલસાડના પીઠા ગામમાં નિમાસ્ત્ર અને અગ્નિસ્ત્ર વિશે ખેડૂતોને તાલીમ અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

વલસાડ તાલુકાના પીઠા ગામમાં પ્રાકૃતિક કૃષિના પ્રચાર પ્રસાર માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રાકૃતિક કૃષિના પાંચ આયામ અને નિમાસ્ત્ર તેમજ અગ્નિસ્ત્ર વિશે ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ મેનેજર દીપિકાબેન થોરાટ, પ્રોજેક્ટ મેનેજર શિવાની ગઢવી તેમજ કોમ્યુનિટી રિસોર્સ પર્સન વિજયભાઈ પટેલ અને કૃષિ સખી સરસ્વતી પટેલ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

# ટ્રેક્ટર યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતો માટે આઈ-પોર્ટલ પુનઃ ખુલ્લુ મુકાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**

ખેતીવાડી ખાતાની ટ્રેક્ટર યોજનાનો લાભ લેવા માંગતા વલસાડ જિલ્લાના ખેડૂતો માટે આઈ ખેડૂત પોર્ટલ તા.૧૫.૧૧.૨૦૨૫ થી તા.૨૯.૧૧.૨૦૨૫ સુધી દિન-૧૫ માટે પુનઃ ખુલ્લુ મુકવામાં આવ્યું છે. આ દિવસ દરમિયાન ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકે છે. જિલ્લાના જે ખેડૂતો લાભ મેળવવા માંગતા હોય તેમને અરજી કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો...
દિપક સોલંકી - 98796 87316

# પારડીના ખૂંટેજમાં પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત/ઘનજીવામૃતનું માર્ગદર્શન અપાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૧૪**




વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખુંટેજ ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ સખી પ્રતિક્ષાબેન અને કોમ્યુનિટી રિસોર્સ પર્સન હિતેશભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી. તજજ્ઞો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પાંચ આયામનો કઈ રીતે ઉપયોગ કરી શકાય તેની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી. ખેડૂતોને જીવામૃત અને ઘન જીવામૃત બનાવવાની રીત અને ઉપયોગ કરવાથી જમીનની ફળદ્રુપતા વધે છે અને ઉત્પાદનમાં પણ વધારો જોવા મળે છે તે અંગે પણ સમજ આપવામાં આવી હતી.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# અમેરિકા દ્વારા ભારત પરના ટેરિફમાં આવનારા સમયમાં ઘટાડાનાં એંધાણ

ઘણાં મહિનાઓના વેપાર સંઘર્ષ બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં આવનારા સમયમાં ઘટાડાનાં એંધાણ આપ્યાં છે, જેનો અર્થ એ છે કે, બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ મોરચે સહમતી નિકટ છે. ટ્રમ્પે અવાર-નવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતાના સારા મિત્ર ગણાવ્યા છે અને નવી દિલ્હી સાથેના સંબંધોની દુહાઈઓ આપી છે, પણ હાલમાં જ ભારત ખાતે અમેરિકાના રાજદૂત સર્ગિયો ગોરના વ્હાઇટ હાઉસમાં યોજાયેલા શપથવિધિ દરમિયાન ટ્રમ્પે ટેરિફ તથા વેપાર કરાર બાબતે કરેલી વાત એટલો સંદેશ જરૂર આપે છે કે પોતાની નીતિઓને કારણે ભારત સાથેના દ્વિપક્ષી સંબંધોમાં આવેલા તણાવ અને થયેલા નુકસાન અંગે તેઓ વાકેફ છે અને તેમાં સુધારણા કરવા પણ તેઓ તૈયાર છે. ટ્રમ્પે કહ્યું કે, અત્યારે તેઓ (ભારત) મને પ્રેમ કરતા નથી, પણ તેઓ અમને ફરી પ્રેમ કરતા થઈ જશે. નવી દિલ્હી વોશિંગ્ટન સંબંધોમાં આવેલા તણાવનું સૌથી મોટું કારણ ભારતે રશિયન ક્રૂડ ઓઈલની મોટાપાયે શરૂ કરેલી ખરીદી હતી. જો કે, થોડા સમય પહેલાં અમેરિકાના ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે રશિયાની બે મોટી ઓઈલ કંપનીઓ પર આર્થિક પ્રતિબંધો લાદ્યા બાદ ભારતે રશિયન ક્રૂડની ખરીદીમાં ખાસ્સો ઘટાડો કર્યો હતો. આ વાતની નોંધ લેતાં ટ્રમ્પે કહ્યું હતું કે, ભારતે રશિયન ક્રૂડ ઓઈલ લેવાનું બંધ કર્યું છે. જો કે તેમણે તરત ઉમેર્યું કે આ ખરીદીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. શક્યતા એવી છે કે, ભારત રશિયન તેલની ખરીદી ચોક્કસ પ્રમાણમાં ઘટાડે અને અમેરિકા પાસેથી ઊર્જા ખરીદીમાં વધારો કરે એ પછી ટ્રેડ ડીલ ફાઇનલ થશે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેઓ બહુ સરસ સંબંધ ધરાવે છે તથા ભારત ઈન્ડોપેસિફિક ક્ષેત્રમાં અમેરિકાનું મહત્ત્વનું આર્થિક અને વ્યૂહાત્મક ભાગીદાર છે. ટ્રમ્પ બોલે કંઈક, કરે કંઈક અને તેમના મનમાં હોય કંઈક એવો અનુભવ વિશ્વને ટૂંકા ગાળામાં જ થયો છે. ચીન અને પાકિસ્તાનની સરખામણીમાં ભારત પર વધુ પ્રમાણમાં દંડાત્મક ટેરિફ લાદવા ઉપરાંત આ ક્ષેત્રમાં ચીનના પ્રભાવનો સામનો કરવા માટે સ્થપાયેલા ક્વાડ સંગઠન સાથે ઓરમાયા વર્તન જેવાં પગલાં લઈ ટ્રમ્પે ભારત-યુએસ ભાગીદારી પર કુઠારાઘાત કર્યો હતો. જો કે, આ આખા સમય દરમિયાન તેમણે મોદી સાથેની મિત્રતા અને ભારત સાથેના સંબંધોનો ઉલ્લેખ સતત કર્યો છે. વળી, પોતાના નિકટવર્તી સર્ગિયો ગોરને ભારત ખાતેના રાજદૂત તરીકે નીમી ટ્રમ્પે ભારત સાથે નિકટતા વધારવાનો સંદેશ આપ્યો છે. જો કે, ગોરને દક્ષિણ તથા મધ્ય એશિયાની બાબતોના પ્રતિનિધિ કે વિશેષ દૂત તરીકેની બેવડી જવાબદારી સોંપાઈ છે, એ બાબત ચિંતા કરાવનારી છે. ટ્રમ્પે એચવન બી વિઝા મામલે પણ વલણ નરમ કરતું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, દેશમાં કંપનીઓ કારોબાર ચલાવવા માટે વિદેશી યુવાનોની જરૂર પડે છે. આગામી સમયમાં વિઝા નિયમન હળવા કરતાં પગલાંનીય સંભાવના જણાય છે.

# દહેજ પ્રથા નાબૂદ થવી જરૂરી




આજકાલ મોટાભાગનાં મુખ્ય ગુજરાતી અખબારોમાં દહેજ ન લાવવાને કારણે કે ઓછું લાવવાનું ઓઠું લઈ પત્નીઓને મારઝૂડ કરવાના, કાઢી મૂકવાના, તરછોડી દેવાના કે જીવતી સળગાવી દેવાનાં સમાચાર વાંચી હૈયું કકળી ઉઠે છે. ગામડાઓમાં તો આ દૂષણ વર્ષોથી ઘર કરી ગયું છે, પરંતુ હવે તો મોટા શહેરોમાં પણ આ દૂષણે પગપેસારો કર્યો છે. અભણ કે નિરક્ષર લોકો તો આ સામાજિક કોચલામાંથી બહાર આવી શકતાં નથી, પરંતુ ઉચ્ચ શિક્ષિત વર્ગ પણ આમાંથી બાકાત નથી. ભારતના અમુક રાજ્યોમાં તો આ દહેજ નામના દાનવે એવો ભરડો લીધો છે કે, છોકરીના માવતરે છોકરાવાળાને ફરજીયાત દહેજ, પહેરામણી કે દાયજો આપવો જ પડે છે, નહીં તો લગ્નનાં માંડવેથી છોકરાવાળા બારાત પાછી વાળી કન્યાવાળા પક્ષને ઘૂંટણિયે પાડવા મજબૂર કરે છે.

દહેજ ચૂકવવાની લ્હાયમાં છોકરીનાં પિતાને દેવું કરવાના, લોન લેવાના, જમીન જાયદાદ વેચીદેવાના કે ગિરવી મૂકવાના સંજોગો ઉભા થાય છે. દહેજના ખપ્પરમાં કેટલીય કોડભરી કન્યાઓનાં જીવતર રોળાય છે. લોકો સામાન્ય લોજિક ચલાવતાં નથી કે દહેજનો પૈસો આખી જિંદગી ચાલવાનો નથી, પરંતુ એક ગરીબ પણ ખાનદાન છોકરી પોતાના સંસ્કારો થકી સાસરવેલની શોભા વધારે છે. જેમજેમ જમાનો બદલાય તેમ તેમ લોકોએ જૂની પ્રથા, કુરિવાજો,



આલેખન
યોગેશભાઈ આર. જોશી
હાલોલ: ૩૮૯૩૫૦, જિ. પંચમહાલ
સીનીયર સીટીઝન તથા કવિ/લેખક

જૂની રીત રસમો વિગેરેનાં ઢાંચામાંથી બહાર આવી દરેકને અનુકૂળ આવે એવા રીતરિવાજો બનાવી, આ દહેજ નામના દૂષણને હંમેશને માટે દૂર કરી દેવો જોઈએ. જો હજૂ પણ આ દૂષણને નાથવામાં નહીં આવે તો કેટલીય નિર્દોષ કન્યાઓના જીવની બાજી દાવ ઊપર લાગશે અને સમાજ મૂંગા મોંઢે આ અન્યાય અને અત્યાચાર સહેતો રહેશે.



# બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAની ઐતિહાસિક જીતનો શ્રેય ૬ દિગ્ગજોને

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટણા, તા.૧૪**

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના પરિણામોમાં NDA ઐતિહાસિક જંગી વિજય તરફ આગળ વધી રહ્યું છે. ૨૪૩ બેઠકોમાંથી એનડીએ ૨૦૬ બેઠકો પર આગળ છે, જ્યારે મહાગઠબંધન ૩૦ બેઠકો પર સમેટાઈ રહ્યું છે. આ જનાદેશ માત્ર વિપક્ષની ખામીઓનું નહીં, પરંતુ શ્રેષ્ઠ ઉમેદવારો, ઉત્તમ નેતૃત્વ અને શાનદાર રણનીતિનું પરિણામ છે, જેના ૬ મુખ્ય સ્તંભ રહ્યા છે.

**૧. NDAની જીતનો મજબૂત આધાર:** નીતિશ કુમાર

બિહાર ચૂંટણીમાં એનડીએની જંગી જીતનો સૌથી મજબૂત આધાર મુખ્યમંત્રી નીતિશ કુમાર સાબિત થયા છે. બિહારના સૌથી લાંબા સમય સુધી સેવા આપનારા આ ૭૪ વર્ષીય મુખ્યમંત્રીએ તેમની રાજકીય કુશળતા અને સામાજિક એન્જિનિયરિંગ દ્વારા ગઠબંધનને મજબૂત ટેકો આપ્યો. તેમની સુશાસન બાબુની છબી ૨૦૦૫થી જંગલ રાજમાંથી બિહારને બહાર કાઢવાનું પ્રતીક બની છે. તેઓ ભલે પોતાની કુર્મી (૩.૫%) જાતિના હોય, છતાં તેઓ બિહારના સર્વમાન્ય નેતા છે. ઈબીસી (૩૬%) ને આરક્ષણથી એકજૂથ રાખવાથી લઈને અગ્રણી જાતિઓ સુધી, તેઓ તમામ વર્ગોમાં માન્ય છે અને મુસ્લિમોએ પણ તેમને મત આપ્યા છે. તેમણે ઉંમર અને સ્વાસ્થ્ય અંગેના તમામ નકારાત્મક કથનોને ખોટા સાબિત કર્યા છે.

**૨. ચિરાગ પાસવાનનો નિર્ણાયક સપોર્ટ**

ચિરાગ પાસવાનનો સપોર્ટ માટીને સોનું બનાવી ગયો છે, જેના કારણે એનડીએમાં જેડીયુ અને બીજેપી બંને પક્ષો શ્રેષ્ઠ પ્રદર્શન કરી રહ્યા છે. રામવિલાસ પાસવાનના ૪૩ વર્ષીય પુત્ર ચિરાગ પાસવાને પોતાની યુવા ઊર્જાથી પાસવાન વોટ બેંક (૫-૬%)ને એકજૂથ કરીને ગઠબંધનને મજબૂત બનાવ્યું. તેમની પાર્ટી એલજેપી (આરવી)ને એનડીએ તરફથી ૨૮ બેઠકો મળી હતી. ૨૦૨૦માં તેમના એનડીએમાંથી બહાર નીકળી જવાને કારણે જેડીયુ અને બીજેપીને મોટું નુકસાન થયું હતું. ૨૦૨૦માં તેમણે નીતિશ કુમારને ૪૦ બેઠકો ગુમાવવાની ફરજ પાડી હતી અને બીજેપીને પણ ઘણી બેઠકો પર નુકસાન થયું હતું. ૨૦૨૫માં, તેઓ એનડીએમાં જોડાઈને ભાઈ ચિરાગ બન્યા અને પીએમ મોદીએ પણ તેમની પ્રશંસા કરી. સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તેઓ એકમાત્ર એવા નેતા તરીકે ઉભર્યા છે જે પોતાના વોટને જેડીયુ અને બીજેપીમાં સફળતાપૂર્વક ટ્રાન્સફર કરાવી શકે છે, જે પરિણામોમાં સ્પષ્ટ દેખાય છે.

**૩. એનડીએ ગઠબંધનમાં આંતરિક સંકલન**

બિહારની ચૂંટણી દરમિયાન એનડીએમાં આશ્ચર્યજનક સંકલન જોવા મળ્યું. બીજેપી અને જેડીયુમાં આંતરિક સ્પર્ધા હોવા છતાં, બેઠકોની વહેંચણી અંગે ક્યાંય પણ કોઈ ગેરસમજ કે અણબનાવ દેખાયો નહીં. બંને મુખ્ય પક્ષોએ પોતે ૧૦૧-૧૦૧ બેઠકો પર પોતાને મર્યાદિત રાખ્યા. શરૂઆતમાં એલજેપી અને હમ (HAM) જેવા નાના સહયોગી પક્ષોમાં થોડો અસંતોષ દેખાયો હતો, પરંતુ તે મામલો પણ ઝડપથી ઉકેલી લેવામાં આવ્યો. સૌથી મહત્ત્વની વાત એ છે કે, યોગ્ય સમયે ઉમેદવારોની જાહેરાત પણ થઈ ગઈ. આનાથી વિપરીત, મહાગઠબંધન અંતિમ સમય સુધી બેઠકોની વહેંચણી માટે સંઘર્ષ કરતું રહ્યું. ફોર્મ પાછું ખેંચવાની સમયમર્યાદા પૂરી થયા પછી પણ મહાગઠબંધનના પક્ષો અંદરોઅંદર લડતા રહ્યા.

**૪. મુખ્યમંત્રીના ચહેરા પર બીજેપીની વ્યૂહરચના**

મુખ્યમંત્રીના ચહેરા પર સસ્પેન્સ રાખવાની બીજેપીની રણનીતિને નબળી કડી ગણવામાં આવતી હતી, પણ તે સફળ સાબિત થઈ. આ વ્યૂહરચના નીતિશ કુમારના સમર્થક અને વિરોધી-બંને મતદારોને સાધવા માટે અપનાવવામાં આવી હતી. બીજેપી જાણતી હતી કે તેના ઘણા સમર્થકો રાજ્યમાં બીજેપીના નેતાને સીએમ બનાવવા માંગે છે. જોકે, નીતિશ કુમાર બિહારમાં નિર્વિવાદ છબી ધરાવતા અને દરેક વર્ગમાં સન્માન મેળવનાર નેતા છે, તેથી બીજેપી તેમને નકારી શકે તેમ નહોતી. આથી, પાર્ટીએ રણનીતિના ભાગરૂપે નીતિશ કુમારના નામ પર ગૂંચવણ જાળવી રાખી. બીજેપીએ દિલ્હી, મહારાષ્ટ્ર અને હરિયાણા જેવા રાજ્યોમાં પણ આ જ રણનીતિનો ઉપયોગ કર્યો હતો.

**૫. સુશાસન અને વિકાસ**

સુશાસન અને વિકાસ એનડીએની જીતનો મજબૂત સ્તંભ રહ્યો છે, જે નીતિશ કુમારના ૨૦ વર્ષના શાસનનો પુરાવો છે. ભૂતકાળમાં બિમારુ ગણાતું બિહાર હવે રસ્તાઓ (૧ લાખ કિમી), વીજળી (૯૫% કવરેજ) અને શિક્ષણમાં પ્રગતિ કરી રહ્યું છે. નીતિશ કુમારના સુશાસન હેઠળ કાયદા-વ્યવસ્થામાં સુધાર થયો અને ગુનાના દરમાં ૫૦%નો ઘટાડો નોંધાયો, જેણે મધ્યમ વર્ગને આકર્ષ્યો. સ્માર્ટ સિટી અને એક્સપ્રેસવે જેવી વિકાસ યોજનાઓથી ગ્રામીણ અર્થતંત્રને વેગ મળ્યો. એનડીએનો સંકલ્પ પત્ર નોકરીઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કેન્દ્રિત હતો, જે વિશ્વસનીય લાગ્યો. જીવિકા દીદી એ ૧.૨ કરોડ મહિલાઓને જોડી, જેની અસર મતદાનમાં સ્પષ્ટ દેખાઈ. બેરોજગારીના જવાબમાં નીતિશ કુમારે સ્કિલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો.

**૬. જમીની સ્તરની લાભાર્થી યોજનાઓ:** જમીની સ્તરની લાભાર્થી યોજનાઓએ બિહારના ગ્રામીણ અને ગરીબો માટે અન્ય રાજ્યો કરતાં વધારે અસરકારક કામ કર્યું છે. નીતિશ કુમારની સાત નિશ્ચય અને બીજેપીની કેન્દ્રીય યોજનાઓ થકી ૫ કરોડ લાભાર્થીઓને ફાયદો મળ્યો. પીએમ આવાસ, ઉજ્જ્વલા અને આયુષ્માન જેવી યોજનાઓએ ગ્રામીણ મતદારોને એનડીએ સાથે મજબૂતીથી જોડી રાખ્યા. આ યોજનાઓ જાતિગત રીતે સંતુલિત રહી, જેમાં ઈબીસી અને દલિત મતદારોને સૌથી વધુ લાભ મળ્યો. નીતિશ કુમારની મુખ્ય વ્યૂહરચના મહિલાઓના કલ્યાણ પર કેન્દ્રિત હતી. પંચાયતો અને સરકારી નોકરીઓમાં મહિલાઓને આરક્ષણ આપવાના કારણે એનડીએને મજબૂત આધાર પ્રાપ્ત થયો.

# બેકાબૂ ડાયાબિટિસને કારણે હૃદયરોગ, કિડનીની સમસ્યા થવાનું જોખમ રહે છે

### ડૉક્ટરોના મતે, મોટાભાગના કિસ્સામાં ડાયાબિટીસના સૌપ્રથમ લક્ષણ આંખમાં સૌપ્રથમ જોવા મળે છે




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૪**

ગુજરાતમાં ડાયાબિટીસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ રાજ્યમાં ૫૦ લાખ જેટલા લોકો ડાયાબિટીસની સમસ્યા ધરાવે છે. ડૉક્ટરોના મતે વધુ ચિંતાની વાત એ પણ છે કે પ્રોફેશ્નલ સ્ટ્રેસ, બેઠાડુ જીવનશૈલી, અપૂરતી ઉંઘ, ફાસ્ટફૂડના નિયમિત સેવન અને ઓછી શારીરિક પ્રવૃત્તિથી ડાયાબિટીસના નિદાનની સરેરાશ ઉંમર ૪૦ વર્ષથી ઘટીને ૩૦ વર્ષ થઈ ગઈ છે. પાંચ વર્ષ માટે પણ અનિયંત્રિત ડાયાબિટિસ હૃદયરોગ, સ્ટ્રોક અને કિડની સંબધિત સમસ્યામાં વધારો કરે છે. દર વર્ષે ૧૪ નવેમ્બરની ઉજવણી ‘ડાયાબિટીસ ડે’ તરીકે કરવામાં આવે છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (એનએફએચએસ)-૫ રિપોર્ટ અનુસાર, ગુજરાતમાં ૧૫ વર્ષથી ઉપરના ૧૬ ટકા પુરુષો અને ૧૪.૮ ટકા મહિલાઓમાં બ્લડ શુગરનું સ્તર ઊંચું અથવા ખૂબજ ઊંચું છે. આ રિપોર્ટ દર્શાવે છે કે પુરૂષો અર્ને મહિલાઓ બંનેમાં ગ્રામીણ વિસ્તારોની તુલનામાં શહેરી વિસ્તારોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધુ છે. નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ના અનુસાર ભારતમાં ૧૦૧ મિલિયનને ડાયાબિટીસ અને ૧૩૬ મિલિયનને પ્રી ડાયાબિટીસની સમસ્યા છે. ગુજરાતમાં ડાયાબિટીસનો વ્યાપ ૯-૧૦ ટકા છે, જ્યારે અમદાવાદ જેવા શહેરી કેન્દ્રમાં ૧૨ ટકા જેટલો ઊચા દર છે. ડાયાબિટીસની સમસ્યા ધરાવતા લગભગ ૭૦ ટકા લોકોને અનિયંત્રિત બ્લડ શુગર હોય છે, જેનું મુખ્ય કારણ વિશેષ કરીને હૃદય સંબંધિત બિમારીઓ સહિતના નોન-કમ્યુનિકેબલ બિમારીઓનું વધતું ભારણ છે તેમ જણાવતા એન્ડોક્રિનોલોજીસ્ટ ડૉ. રમેશ ગોયલે ઉમેર્યું કે, ‘સમયસર નિદાન અને જીવનશૈલીમાં સામાન્ય બદલાવથી ડાયાબિટીસને રોકી શકાય છે અથવા તેને અસરકારક રીતે મેનેજ કરી શકાય છે. નિયમિત કસરત, સંતુલિત પોષણ, ૭-૮ કલાકની પૂરતી ઊંઘ, વજનની યોગ્ય જાળવણી અને હેલ્થ ચેક-અપ બ્લડ શુગરને મેનેજ કરવામાં અને લાંબાગાળાની સમસ્યાઓને રોકવામાં ઉપયોગી બની રહે છે.’

ડૉક્ટરોના મતે, મોટાભાગના કિસ્સામાં ડાયાબિટીસના સૌપ્રથમ લક્ષણ આંખમાં સૌપ્રથમ જોવા મળે છે. ડાયાબિટીસ હોય કે ન હોય તેમ છતાં ૪૦ની ઉંમર બાદ નિયમિત રીતે આંખની ચકાસણી કરાવવી જોઈએ. ડાયાબિટીસને કારણે આંખમાં સૌપ્રથમ નુકસાન થતું જોવા મળે છે. ગર્ભાવિસ્થા વખતે ડાયાબિટીસનું નિદાન થવાના કેસ હવે વધીને ૧૦ ટકા થયાનું ડૉક્ટરોએ જણાવ્યું છે.

સગર્ભાવસ્થા ડાયાબિટીસ એ ડાયાબિટીસનો એક પ્રકાર છે. ગર્ભાવસ્થા દરમિયાન લોહીમાં શર્કરાનું પ્રમાણ ખૂબ વધી જાય ત્યારે આ ડાયાબિટીસ જોવા મળે છે.

# ગુજરાતમાં ‘મોબાઈલ ક્રાઈમ’નો ખતરો વધ્યો, સુરત ‘માલવેર કેપિટલ’ બન્યું!

## છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ૩૮.૧૫ લાખ માલવેર ડિટેક્શન નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૧૪**

આજે ઘણાં લોકો એકપણ મિનિટ મોબાઈલ વગર રહી શકતા નથી. ઘણા લોકો તેમની તમામ વિગતો જેવીકે પાસવર્ડ, બેંક ડિટેલ વગેરે ફોનમાં રાખતા હોય છે. જેના કારણે હવે સાયબર ક્રિમિનલ્સ માટે મોબાઈલ હેક કરવું આસાન બની ગયું છે. ડેટા સિક્યોરિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને સિક્રાઈટના ‘ધ ઈન્ડિયા સાયબર થ્રેટ રિપોર્ટ 2025’ મુજબ સાયબર ગુનેગારો માટે હવે સ્માર્ટફોન સૌથી હોટ ટાર્ગેટ છે અને ગુજરાત તેમના મનપસંદ શિકારના મેદાનોમાંથી એક છે. રિપોર્ટ મુજબ સુરત ભારતમાં માલવેર કેપિટલ તરીકે ઉભરી આવ્યું હતું, જે રાષ્ટ્રીય ડિટેક્શનના 14.6 ટકા અને પ્રતિ ઉપકરણ 69.3 ધમકીઓ મળી હતી. જ્યારે અમદાવાદ, પ્રતિ ઉપકરણ 38.9 ડિટેક્શન સાથે સાતમા ક્રમે હતું. સૂત્રો મુજબ, “ઈન્ફોસ્ટીલર” માલવેર, વોટ્સએપ અથવા SMS દ્વારા ફેલાય છે, જે બેંકો અથવા સરકારી વિભાગો તરફથી આવતા હોય તેવું લાગે છે. પીડિતોને ઘણીવાર કહેવામાં આવે છે કે તેમને કોઈ ઈનામ મળવાનું છે અથવા તેમણે દંડ ચૂકવવો પડશે અને તેમને એક APK ડાઉનલોડ કરવા માટે પ્રેરવામાં આવે છે. એકવાર ઈન્સ્ટોલ થઈ ગયા પછી, આ એપ SMS મેસેજના ઍક્સેસની માંગ કરે છે, જેનાથી તે વન-ટાઈમ પાસવર્ડ્સ અને બેંકિંગ નોટિફિકેશનને ઈન્ટરસેપ્ટ કરી શકે છે. ત્યારબાદ આ એપ ચોરાયેલો ડેટા કમાન્ડ-એન્ડ-કંટ્રોલસર્વર – જે હેકર્સ દ્વારા ચોરાયેલ ડેટા મેળવવા માટે ઉપયોગમાં લેવાતી રિમોટ સિસ્ટમ છે – અથવા ફાયરબેઝ જેવી ક્લાઉડ સેવાઓ પર અપલોડ કરે છે, અને આ દરમિયાન પોતાની ઓળખ છુપાવવા માટે તેના આઈકનને પણ છુપાવી દે છે.

Anatsa, એક બેંકિંગ ટ્રોજન છે. જે PDF રીડર અથવા QR સ્કેનર તરીકે છુપાયેલું હોય છે, તે એક્સેસિબિલિટી સર્વિસિસ (વિકલાંગ વપરાશકર્તાઓ માટેની સુવિધા) નો દુરુપયોગ કરીને સ્ક્રીન વાંચી શકે છે અને કીસ્ટ્રોક્સ (તમે જે ટાઈપ કરો છો) લોગ કરી શકે છે. તે તમારા ડિસ્પ્લેને લાઈવ સ્ટ્રીમ પણ કરી શકે છે, જેનાથી ગુનેગારો તમને ઓળખપત્રો (ક્રેડેન્શિયલ્સ) દાખલ કરતા જોઈ શકે છે. જે હેકર્સને તમારા ફોનનું સંપૂર્ણ રિમોટ કંટ્રોલ આપે છે અને પાસવર્ડ્સ કેપ્ચર કરવા માટે નકલી લોગિન સ્ક્રીન સક્ષમ કરે છે. છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં 38.15 લાખ માલવેર ડિટેક્શન નોંધાયા છે – જે ભારતમાં ચોથો સૌથી વધુ આંકડો છે.

સિક્રાઈટ અને ક્વિક હીલ એન્ટિવાયરસ સોફ્ટવેર દ્વારા મોનિટર કરાયેલા 8.44 મિલિયન ઉપકરણોમાંથી, દર ત્રણમાંથી એકમાં માલવેર જોવા મળ્યો હતો. જાસૂસી અને રેન્સમવેર માટે ઉપયોગમાં લેવાતું Rafel RAT વધુ આગળ વધે છે. એકવાર



ઈન્સ્ટોલ થઈ ગયા પછી, તે કોલ લોગ, મેસેજ વાંચવાની અને કેમેરા ચાલુ કરવાની અથવા ખંડણી માટે ફાઈલોને લોક કરવાની પણ મંજૂરી આપે છે. તે એન્ક્રિપ્ટેડ ચેનલો અથવા ટેલિગ્રામ બોટ્સ દ્વારા તેના C2 સર્વર સાથે ગુપ્ત રીતે વાતચીત કરે છે, જેના કારણે તેને ટ્રેસ કરવું લગભગ અશક્ય બની જાય છે.

DSCI મુજબ, ઓક્ટોબર 2023 થી સપ્ટેમ્બર 2024 વચ્ચે દર મિનિટે ભારતીય ઉપકરણો પર 702 સંભવિત હુમલા થયા હતા. ટ્રોજન અને ફાઈલ ઈન્ફેક્ટર્સ હવે મોબાઈલ ઘટનાઓના 68 ટકા હિસ્સો ધરાવે છે. સૂત્રોએ જણાવ્યું કે, કોઈપણ સરકાર કે બેંક તમને ક્યારેય APK લિંક મોકલશે નહીં. આવી લિંક મળે તો તેને ડાઉનલોડ કરવાનું ટાળવું જોઈએ. એક રિપોર્ટ મુજબ એન્ડ્રોઈડ પરની નકલી ChatGPT એપ્સ મુખ્ય સાયબર સ્કેમ તરીકે ઝડપથી ઉભરી રહી છે. આ એપ્સ કાયદેસર AI ચેટ ટૂલ્સ તરીકે દેખાય છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## સ્ટાર ખેલાડીની જાહેરાત, ફેન્સ ચોંક્યા

# ‘હું આગામી વર્લ્ડ કપ પછી નિવૃત્ત થઇ જઈશ’ : રોનાલ્ડો

**૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ મારો છેલ્લો હશે. આ ટુર્નામેન્ટ યુનાઇટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડામાં યોજાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૪ :** ફૂટબોલ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ નિવૃત્તિ અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેણે સ્પષ્ટપણે કહ્યું છે કે, ૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ મારો છેલ્લો હશે. આ ટુર્નામેન્ટ યુનાઈટેડ સ્ટેટ્સ, મેક્સિકો અને કેનેડામાં યોજાશે.

તાજેતરની માહિતી પ્રમાણે પોર્ટુગલ યુરોપિયન ક્વોલિફાઈંગ રાઉન્ડના ગ્રુપ F માં ટોચ પર છે, અને જો તેઓ ૧૩ નવેમ્બરે આયર્લેન્ડને હરાવે તો ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થશે.

રોનાલ્ડોએ જણાવ્યું છે કે, ‘જો હું ૨૦૨૬ વર્લ્ડ કપમાં રમે છે, તો તે તેનો છેલ્લો વર્લ્ડ કપ હશે.’ નોંધનીય છે કે, રોનાલ્ડોની કારકિર્દીમાં લગભગ દરેક મુખ્ય ટાઈટલ શામેલ છે, પરંતુ વર્લ્ડ કપ ટ્રોફી અગમ્ય રહી ગઈ છે. તેમણે કહ્યું કે, ‘હું હવે ૪૧ વર્ષનો થઈ રહ્યો છું, અને આ મેદાનમાંથી નિવૃત્તિ લેવાનો યોગ્ય સમય હશે.

રોનાલ્ડોએ સાઉદી અરેબિયામાં એક ફોરમ દરમિયાન વીડિયો લિંક દ્વારા બોલતા કહ્યું કે, ‘હા, ચોક્કસપણે ૨૦૨૬ વર્લ્ડ કપ મારો છેલ્લો હશે. હું ૪૧ વર્ષનો થઈશ અને મને લાગે છે કે આ યોગ્ય સમય હશે. અને એક કે બે વર્ષમાં વ્યાવસાયિક ફૂટબોલમાંથી નિવૃત્તિ લઈશ.

ઉલ્લેખનીય છે કે, રોનાલ્ડોએ ક્લબ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૯૫૦ થી વધુ ગોલ કર્યા છે. તેમણે કહ્યું કે, ‘હું ટૂંક સમયમાં નિવૃત્તિ લઈશ.’ ત્યારે તેનો અર્થ થાય છે, તે આગામી એક કે બે વર્ષમાં નિવૃતિ લઈ શકે છે.

# કોલકાતા નાઈટ રાઈડર્સે શેન વોટસનને સહાયક કોચ તરીકે નિયુક્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪ :** કોલકાતા નાઈટ રાઈડર્સે આગામી IPL સીઝન માટે ઓસ્ટ્રેલિયન દિગ્ગજ શેન વોટ્સનને સહાયક કોચ તરીકે નિયુક્ત કર્યો છે. વોટસન અભિષેક નાયર સાથે કામ કરશે, જેને ચંદ્રકાંત પંડિતની જગ્યાએ ટીમના મુખ્ય કોચ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. વોટસન પાસે IPLનો બહોળો અનુભવ છે, તે લાંબા સમયથી રાજસ્થાન રોયલ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમી ચૂક્યો છે. વોટસન ૨૦૦૮માં ટાઈટલ જીતનાર રાજસ્થાન ટીમ અને ૨૦૧૮માં ટાઈટલ જીતનાર ચેન્નાઈ ટીમનો સભ્ય હતો. તેના નેતૃત્વ હેઠળ RCB ૨૦૧૬માં ફાઈનલમાં પહોંચ્યું હતું.

તેના યુગના સૌથી જાણીતા ઓલરાઉન્ડરોમાંના એક વોટસને ૫૯ ટેસ્ટ, ૧૯૦ ODI અને ૫૮ T20માં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું, ૧૦,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય રન બનાવ્યા અને તમામ ફોર્મેટમાં ૨૮૦થી વધુ વિકેટ લીધી છે. વોટસન ઓસ્ટ્રેલિયાની ૨૦૦૭ અને ૨૦૧૫ ICC વર્લ્ડ કપ વિજેતા ટીમોનો અભિન્ન ભાગ હતો અને તેણે વિશ્વભરમાં અસંખ્ય શ્રેણી જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધા પછી વોટસને T20 લીગમાં કોચિંગ અને માર્ગદર્શક ભૂમિકાઓ ભજવી છે. સહાયક કોચ તરીકેની તેની નિમણૂક અંગે ફ્રેન્ચાઈઝના સીઈઓ વેંકી મૈસૂરએ જણાવ્યું હતું કે, “શેન વોટસનનું KKR પરિવારમાં સ્વાગત કરતાં અમને ખૂબ આનંદ થાય છે. ઉચ્ચ સ્તરે ખેલાડી અને કોચ તરીકેનો તેનો અનુભવ અમારી ટીમ સંસ્કૃતિ અને તૈયારીમાં ખૂબ ફાળો આપશે. T20 ફોર્મેટની તેમની સમજ વિશ્વ કક્ષાની છે અને અમે મેદાન પર અને બહાર તેમના યોગદાનની રાહ જોઈ રહ્યા છીએ.”

વોટસને KKRમાં જોડાવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું, “કોલકાતા નાઈટ રાઈડર્સ જેવી પ્રતિષ્ઠિત ફ્રેન્ચાઈઝનો ભાગ બનવું મારા માટે ખૂબ જ સન્માનની વાત છે. મેં હંમેશા KKR ચાહકોના જુસ્સા અને શ્રેષ્ઠતા પ્રત્યે ટીમની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી છે. હું કોલકાતાને બીજું ટાઈટલ અપાવવા માટે કોચિંગ ગ્રુપ અને ખેલાડીઓ સાથે નજીકથી કામ કરવા આતુર છું.”

વોટસન ૨૦૦૭થી ૨૦૧૫ સુધી રાજસ્થાન રોયલ્સ ટીમનો ભાગ હતો. ત્યારબાદ તે ૨૦૧૬ અને ૨૦૧૭માં RCB માટે રમ્યો. ૨૦૧૮મા તેને ચેન્નાઈ સુપર કિંગ્સ દ્વારા કરારબદ્ધ કરવામાં આવ્યો અને તે ૨૦૨૧ સુધી ટીમ સાથે રહ્યો. આ દરમિયાન વોટસને ત્રણ ટીમો માટે ૩૮૭૪ રન બનાવ્યા, જેમાં ચાર સદી અને ૨૧ અડધી સદીનો સમાવેશ થાય છે. વોટસને બોલિંગમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને ૯૨ વિકેટ લીધી.

# લોકોને એમ છે અંગ્રેજી ના આવડે તે કેપ્ટન બનવાને લાયક નથી : અક્ષર પટેલનું મોટું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૪ :** ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર અને IPLમાં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલે કેપ્ટનશીપ અંગેની પ્રવર્તમાન માન્યતાઓ પર સવાલ ઊઠાવ્યા છે.

દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ મેચ પહેલાં આપેલા એક ઈન્ટરવ્યુમાં અક્ષર પટેલે ભારપૂર્વક જણાવ્યું કે, અંગ્રેજી બોલવાની કુશળતા અને વ્યક્તિત્વ એ કેપ્ટનશીપ માટેના એકમાત્ર માપદંડ હોવા જોઈએ નહીં.

અક્ષર પટેલે કેપ્ટનશીપ પ્રત્યેની સામાન્ય ધારણા પર કટાક્ષ કરતાં કહ્યું કે, લોકો ક્રિકેટ કૌશલ્ય કરતાં ખેલાડીના વ્યક્તિત્વ અને અંગ્રેજી બોલવાની ક્ષમતાને વધુ પ્રાધાન્ય આપે છે. અરે, કેપ્ટનનું કામ ફક્ત અંગ્રેજીમાં બોલવાનું નથી. કેપ્ટનનું કામ ખેલાડીને જાણવાનું અને તેમાંથી બેસ્ટ કેવી રીતે મેળવવું તે જાણવાનું છે. કેપ્ટને ખેલાડીની શક્તિ અને નબળાઈઓને સમજવાની જરૂર છે. પરંતુ નહીં, આપણે કહીએ છીએ કે પર્સનાલિટીની જરૂર છે, સારું અંગ્રેજી બોલતા આવડવું જોઈએ. આ ધારણાઓ લોકોના પોતાના વિચારો પર આધારિત છે.

ઓલરાઉન્ડર અક્ષર પટેલે કહ્યું કે, આ વર્ષે મે દિલ્હી કેપિટલ્સનું સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું અને ઘણી પ્રશંસા મેળવી. મને લાગે છે કે આ પ્રકારના ફેરફારો ભવિષ્યમાં વધુ જોવા મળશે.

લોકોના વ્યક્તિગત વિચાર અને દ્રષ્ટિકોણ બદલવાની જરૂરિયાત પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, લોકોએ પોતાના વ્યક્તિગત વિચાર અને દ્રષ્ટિકોણ બદલવાની જરૂર છે. એવું વિચારવાનું બંધ કરો કે ફક્ત એટલા માટે કે કોઈ વ્યક્તિનું વ્યક્તિત્વ સારું છે અને તે અંગ્રેજી બોલી શકે છે, તેથી તે કેપ્ટન બનવા માટે સક્ષમ છે. કેપ્ટનશીપ વિશે એક વાત મહત્ત્વપૂર્ણ હોવી જોઈએ કે ભાષાનો કોઈ અવરોધ ન હોવો જોઈએ.

અક્ષર પટેલનું આ નિવેદન સ્પષ્ટ સંકેત આપે છે કે ક્રિકેટમાં કેપ્ટનશીપ માટે માત્ર મેદાન પરનું પ્રદર્શન અને ટીમનું સંચાલન જ માપદંડ હોવા જોઈએ, નહિ કે ભાષાકીય કૌશલ્ય.

# એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો આઈપીઓ બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૧૪**

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડ બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ તેના રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેર્સનો આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ છે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ.૧૧૪થી રૂ.૧૦ની ફેસ




વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ.૧૨૦ સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂ.૧૦ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા ૧૨૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂ.૧૦ની ફેસ વેલ્યુના ૧૨૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.

આઈપીઓમાં રૂ.૧,૮૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને પેદાન્તા ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા રૂ.૩,૨૦૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. કંપનીના ઈક્વિટી શેર્સની બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ પર લિસ્ટિંગ કરવાની દરખાસ્ત છે. આનંદ રાઠી એડવાઈઝર્સ લિમિટેડ આ ઓફરના એકમાત્ર બુક રનિંગ લીડ મેનેજર છે.

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએની દમદાર જીત

**જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું : હું દરેક NDA કાર્યકર્તાનો આભાર માનું છું જેમણે અથાક મહેનત કરી છે : વડાપ્રધાન**

## લોકોએ અમારા વિઝનને જોઈ અમને બહુમતી આપી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી



(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટણા, તા.૧૪**

બિહારમાં ભાજપની પ્રચંડ જીત પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રથમ પ્રતિક્રિયા આવી છે. પીએમ મોદીએ તેને વિકાસ અને સુશાસનની જીત ગણાવી છે. તેમણે કહ્યું, “આ સામાજિક ન્યાય અને જન કલ્યાણની ભાવનાની જીત છે. બિહારના મારા પરિવારજનોનો ખૂબ ખૂબ આભાર, જેમણે ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં NDAને ઐતિહાસિક અને અભૂતપૂર્વ જીતના આર્શીવાદ આપ્યા છે. આ પ્રચંડ જનાદેશ અમને લોકોની સેવા કરવા અને બિહાર માટે નવા સંકલ્પ સાથે કામ કરવા માટે સશક્ત બનાવશે.”

પ્રધાનમંત્રી મોદીએ તમામ NDA પક્ષોને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું, “NDA એ રાજ્યમાં સર્વાંગી વિકાસ કર્યો છે. લોકોએ અમારા ટ્રેક રેકોર્ડ અને રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવાના અમારા વિઝનને જોઈ અમને પ્રચંડ બહુમતી આપી છે. હું મુખ્યમંત્રી નીતિશ કુમાર અને અમારા NDA પરિવારના સાથીઓ ચિરાગ પાસવાનજી, જીતન રામ માંઝીજી અને ઉપેન્દ્ર કુશવાહાજીને આ શાનદાર જીત માટે હૃદયપૂર્વક અભિનંદન આપું છું.” પીએમ મોદીના અનુસાર, જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખીને મતદાન કર્યું. તેમણે કહ્યું, “હું દરેક NDA કાર્યકર્તાનો આભાર માનું છું જેમણે અથાક મહેનત કરી છે. તેઓ લોકોની વચ્ચે ગયા અને અમારા વિકાસના એજન્ડાને આગળ ધપાવ્યો અને વિપક્ષના દરેક જુઠ્ઠાણાને જોરદાર જવાબ આપ્યો. હું હૃદયથી તેમની પ્રશંસા કરું છું.” પીએમ મોદીએ બિહારના લોકોને વિવિધ ક્ષેત્રોમાં વધુ પ્રગતિની ખાતરી આપી. તેમણે કહ્યું, “આગામી વર્ષોમાં, અમે બિહારના વિકાસ, તેના માળખાગત સુવિધાઓને વધારવા અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે અથાક મહેનત કરીશું. અમે ખાતરી કરીશું કે, બિહારના યુવાનો અને મહિલાઓને સમૃદ્ધ જીવન માટે પુષ્કળ તકો મળે.”

પીએમ મોદી અનુસાર જનતાએ વિકાસના એજન્ડાને ધ્યાનમાં રાખી મતદાન કર્યું. તેમણે કહ્યું- હું એનડીએના પ્રત્યેક કાર્યકર્તાનો આભાર વ્યક્ત કરુ છું, જેણે અથાગ પરિશ્રમ કર્યો છે. તેમણે જનતાની વચ્ચે જઈ અમારા વિકાસના એજન્ડાને સામે રાખ્યો અને વિપક્ષના દરેક જૂઠનો મજબૂતીથી જવાબ આપ્યો. હું દિલથી તેમની પ્રશંસા કરુ છું.

પીએમ મોદીએ કહ્યુ કે, બિહારની જનતાએ અલગ-અલગ ક્ષેત્રોમાં વધુ સારૂ કામ કરવાનો ભરોસો આપ્યો છે. તેમણે કહ્યું- આવનાર સમયમાં અમે બિહારના વિકાસ, અહીંના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રાજ્યની સંસ્કૃતિને નવી ઓળખ આપવા માટે આગળ વધી કામ કરીશું. અમે તે ખાતરી કરીશું કે યુવા શક્તિ અને નારી શક્તિને સમૃદ્ધ જીવન માટે ભરપૂર તક મળે.

પ્રારંભિક વલણો સૂચવે છે કે NDA એ નોંધપાત્ર લીડ સ્થાપિત કરી છે. અત્યાર સુધીમાં, NDA બહુમતી માટે ૧૨૨ બેઠકોનો જાદુઈ આંકડો પાર કરી ચૂક્યું છે. NDA હાલમાં ૨૦૦ થી વધુ બેઠકો પર લીડ મેળવી છે. આ ચૂંટણીમાં ભાજપ અત્યાર સુધીમાં ૯૧ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહ્યો હોય તેવું લાગે છે. JDU ૮૩ બેઠકો, LJP(R) 19, HAM 5 અને RLM 4 બેઠકો જીતવાનો અંદાજ છે. સર્વે એજન્સી એક્સિસ માય ઈન્ડિયાએ એનડીએને ૧૨૧થી ૧૪૧ બેઠકો મળવાની અને મહાગઠબંધનને ૯૮થી ૧૧૮ બેઠકો મળવાના એક્ઝિટ પોલ જાહેર કર્યા હતા. આ ઉપરાંત સર્વે એજન્સી ટુડેઝ ચાણક્યએ એનડીએને ૧૪૮થી ૧૭૨ બેઠકો અને મહાગઠબંધનને ૬૫થી ૮૯ બેઠકો મળવાનો અંદાજ આપ્યો હતો. આ વખતે માત્ર એક સર્વે એજન્સી પોલ ડાયરીનો એક્ઝિટ પોલ સૌથી વધુ સચોટ સાબિત થયો છે. પોલ ડાયરીએ NDAને ૧૮૪-૨૦૯ બેઠકો અને મહાગઠબંધનને ૩૨-૪૯ બેઠકો મળવાની આગાહી કરી હતી. જોકે બંને એજન્સીઓના એક્ઝિટ પોલ ખોટા સાબિત થયા છે. પરિણામોમાં એનડીએ ૧૯૯ બેઠકો પર અને મહાગઠબંધન માત્ર ૪૧ બેઠકો પર આગળ છે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યું છે. ૨૦૦થી વધુ બેઠકો પર બઢત જાળવી રાખવાને કારણે BJP અને JDU બંનેમાં ઉત્સાહનો માહોલ છે. જોકે, સૌથી મોટો પ્રશ્ન એ છે કે મુખ્યમંત્રીનું પદ કોણ સંભાળશે? આ સવાલનો જવાબ હજુ સ્પષ્ટ થઈ શક્યો નથી. BJPના મહાસચિવ વિનોદ તાવડેના નિવેદનના કારણે નીતિશ કુમારને ફરી CM બનાવવાની શક્યતા પર સસ્પેન્સ વધી ગયું છે.

વિનોદ તાવડેએ કહ્યું કે, અમે બિહારની ચૂંટણી નીતિશ કુમારના નેતૃત્વમાં લડી છે. પરંતુ CM કોણ હશે તેનો નિર્ણય પાંચેય પક્ષો મળીને નક્કી કરશે. NDAમાં BJP અને JDU ઉપરાંત જીતન રામ માંઝીની પાર્ટી હમ (HAM), ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી આરએમએલ (RML), ચિરાગ પાસવાનની પાર્ટી એલજેપીઆર (LJP-R) સામેલ છે.

# બિહારમાં પ્રચંડ જીત પછી અમિત શાહે આપ્યું નિવેદન: આ વિકસિત બિહારમાં માનનારાઓનો વિજય છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૪**

બિહાર ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે, જ્યારે આરજેડીને સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે. આરજેડી ૨૫ બેઠકો સુધી મર્યાદિત છે, અને કોંગ્રેસ આઠમા ક્રમે રહેલી પાર્ટી બની ગઈ છે. બિહારમાં એક્સ-ફેક્ટર ગણાતા પ્રશાંત કિશોર પોતાની પાર્ટીનું ખાતું પણ ખોલવામાં નિષ્ફળ રહ્યા. બિહારમાં મોદી લહેર સ્પષ્ટપણે દેખાઈ રહી છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એનડીએના જંગી વિજય પર પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, “આ ‘વિકસિત બિહાર’માં માનનારાઓનો વિજય છે. આ પ્રદર્શનની રાજનીતિ છે.”

શાહે કહ્યું, “જ્ઞાન, પરિશ્રમ અને લોકશાહીના રક્ષકો, બિહારના લોકોને મારા હૃદયપૂર્વક સલામ. બિહારના લોકો દ્વારા NDA ને મળેલો આ પ્રચંડ જનાદેશ NDA ની વિકાસ, મહિલા સુરક્ષા, સુશાસન અને બિહારના ગરીબોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર જનતાની મંજૂરીની મહોર છે. છેલ્લા ૧૧ વર્ષોમાં, મોદીએ બિહાર માટે ઉદારતાથી કામ કર્યું છે, અને નીતિશ કુમારે બિહારને જંગલ રાજના અંધકારમાંથી બહાર લાવવા માટે કામ કર્યું છે. આ જનાદેશ વિકસિત બિહારની પ્રતિબદ્ધતા માટે છે.”

તેમણે વધુમાં કહ્યું, “બિહારના લોકોનો દરેક મત ઘુસણખોરો અને તેમના સહાનુભૂતિ ધરાવતા લોકો સામે મોદી સરકારની નીતિમાં વિશ્વાસનું પ્રતીક છે, જેઓ ભારતની સુરક્ષા અને સંસાધનો સાથે રમત રમે છે. જનતાએ વોટ બેંક માટે ઘુસણખોરોને રક્ષણ આપનારાઓને યોગ્ય જવાબ આપ્યો છે. બિહારના લોકોએ સમગ્ર દેશનો મૂડ પ્રતિબિંબિત કર્યો છેઃ મતદાર યાદી શુદ્ધિકરણ જરૂરી છે, અને તેની સામે રાજકારણ માટે કોઈ સ્થાન નથી. તેથી જ, રાહુલ ગાંધીના નેતૃત્વમાં, કોંગ્રેસ પાર્ટી આજે બિહારમાં છેલ્લા સ્થાને આવી ગઈ છે.”

ગૃહમંત્રીએ પછી કહ્યું કે, આ દરેક બિહારીનો વિજય છે જે “વિકસિત બિહાર”માં માને છે. જે લોકો જંગલ રાજ અને તુષ્ટિકરણની રાજનીતિ કરે છે, ભલે તેઓ ગમે તે વેશમાં આવે, તેમને લૂંટવાનો મોકો મળશે નહીં. જનતા હવે ફક્ત “પ્રદર્શનની રાજનીતિ” ના આધારે પોતાનો જનાદેશ આપે છે. હું નરેન્દ્ર મોદી, નીતિશ કુમાર અને NDA ના તમામ નેતાઓ અને કાર્યકરોને અભિનંદન આપું છું. હું બૂથ સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધીના તમામ BJP કાર્યકરોને પણ સલામ કરું છું, જેમણે તેમના અથાક કાર્ય દ્વારા આ પરિણામને વાસ્તવિકતા બનાવી છે.

હું બિહારના લોકોને અને ખાસ કરીને આપણી માતાઓ અને બહેનોને ખાતરી આપું છું કે મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર તમે જે આશા અને વિશ્વાસ મૂક્યો છે તેના કરતાં પણ વધુ સમર્પણ સાથે આ જનાદેશ પૂર્ણ કરશે.

# બિહાર અમારુ, હવે પશ્ચિમ બંગાળનો વારોઃ ગિરિરાજ સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**પટણા, તા.૧૪**

બિહાર વિધાનસભા ચૂંટણીના શરૂઆતના વલણો દર્શાવે છે કે ભાજપની આગેવાની હેઠળના રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) સ્પષ્ટ લીડ મેળવી રહ્યું છે. આ દરમિયાન, કેન્દ્રીય મંત્રી અને બિહારના બેગુસરાયના સાંસદ ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે બિહારમાં જીત સંપૂર્ણપણે NDAની છે, અને આગામી જીત પશ્ચિમ બંગાળમાં થશે.

ગિરિરાજ સિંહે કહ્યું, “હવે બંગાળનો વારો છે.” ગિરિરાજ સિંહે કહ્યું, “જે લોકો બિહારને સમજે છે તેઓ જાણે છે કે અહીંના લોકો જંગલ રાજ ઈચ્છતા નથી. બિહારના નાગરિકો અરાજકતા અને ભ્રષ્ટ નેતૃત્વને નકારે છે. ભાજપના સમર્પિત કાર્યકર તરીકે, હું સ્પષ્ટપણે કહું છું કે બિહારનો વિજય અમારો છે; હવે બંગાળનો વારો છે.” તેમણે વધુમાં જણાવ્યું હતુ કે બંગાળમાં પણ વિજય નિશ્ચિત છે. તેમણે કહ્યું કે, ત્યાંની વર્તમાન સરકાર અરાજકતા અને બાહ્ય પ્રભાવોથી પ્રભાવિત છે, પરંતુ બંગાળના લોકો આખરે સત્યને ઓળખશે.

ગિરિરાજ સિંહે ઈન્ડિયા ટુડેને જણાવ્યું હતું કે બિહાર ચૂંટણી પરિણામો દર્શાવે છે કે મતદારોએ અરાજકતાને નકારી કાઢી છે અને NDAના વિકાસ-કેન્દ્રિત એજન્ડાને પસંદ કર્યો છે.

તેમણે કહ્યું, “આ વિકાસ, સામાજિક સંવાદિતા અને ન્યાય માટેની ચૂંટણી છે.” આજે દરેક જિલ્લામાં એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજો ખુલી રહી છે. જૂની અને જર્જરીત શાળાઓ દૂર કરવામાં આવી છે. આ પ્રગતિ છે.

ભાજપના નેતાએ એમ પણ કહ્યું કે, જ્યારે આજના યુવાનો જંગલ રાજનો અનુભવ જાણતા નથી, તેમના વડીલોને છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું, “બિહાર ક્યારેય આ ભ્રષ્ટ નેતાઓના હાથમાં નહીં આવે.”

ગિરિરાજ સિંહે એ પણ સ્પષ્ટ કર્યું કે, બિહારમાં સરકાર નીતિશ કુમારના નેતૃત્વમાં બનશે અને આ બાબતે કોઈ મૂંઝવણની જરૂર નથી. તેમણે કહ્યું, “નીતીશ કુમારે અસરકારક નેતૃત્વ પૂરું પાડ્યું છે. જો તે આરજેડી હોત, તો પ્રશ્નો અલગ હોત. નીતિશ કુમારના નેતૃત્વમાં સરકાર રચાઈ છે, તો મૂંઝવણ ક્યાં છે?”

# અદાણી સિમેન્ટ TNFD ભલામણો સ્વીકારનાર ભારતની પ્રથમ સિમેન્ટ કંપની બની

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૧૪**

- **ભારતીય સિમેન્ટ ઉદ્યોગમાં અદાણી સિમેન્ટ પ્રથમ કંપની છે જેણે TNFD ભલામણો અપનાવી છે, જે પ્રકૃતિને સાનુકૂળ ઉત્પાદન અને ટકાઉ બાંધકામ માટે નવો માપદંડ સ્થાપિત કરે છે.**
- **TNFD-સંલગ્ન ભલામણોનો વિધિવત્ અમલ નાણાકીય વર્ષ ૨૦૨૬થી શરૂ થશે, જે કંપનીની બાયોડાયર્વસિટી અને પર્યાવરણીય પ્રતિબદ્ધતા પુનઃસ્થાપિત કરશે.**
- **કંપનીની હાલની પ્રાકૃતિક જોખમ મૂલ્યાંકન અને વિગતો જાહેર કરવાની પદ્ધતિને આગળ વધારશે, જે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત માળખા સાથે સુસંગત છે.**
- **આ પહેલ અદાણી સિમેન્ટની વ્યાપક ESG વ્યૂહરચનાનું મુખ્ય ઘટક છે, જે વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ સાથે સુસંગત છે અને ભારતના પર્યાવરણીય તથા પ્રકૃતિની સુરક્ષાનાં લક્ષ્યોને અનુરૂપ છે.**

અંબુજા સિમેન્ટ લિમિટેડ અને તેની પેટાકંપનીઓ ભારતીય સિમેન્ટ ઉદ્યોગમાં ટાસ્કફોર્સ ઓન નેચર-રિલેટેડ ફાઈનાન્શિયલ ડિસ્ક્લોઝર (TNFD) ભલામણો અપનાવનાર પ્રથમ કંપની બની છે. વૈશ્વિક સ્તરે ૯મી સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ સોલ્યુશન્સ આપનાર કંપની આ સાથે પ્રકૃતિને સાનુકૂળ વ્યાવસાયિક પરિવર્તન કરનાર ટોચના વૈશ્વિક ઉદ્યોગોમાં સામેલ થઈ છે. TNFD ભલામણોને સ્વીકારીને અદાણી સિમેન્ટ પ્રકૃતિ-સંબંધિત જોખમો અને સંભાવનાઓની ઓળખ, સમીક્ષા, સંચાલન અને તદઅનુસાર તે જાહેર કરવા માટે પ્રતિબદ્ધ છે. કંપની આ રીતે ટકાઉ ઉત્પાદનમાં તેનું ટોચનું સ્થાન વધુ મજબૂત બનાવે છે. અદાણી સિમેન્ટ, જેમાં ભારતની પ્રતિષ્ઠિત અને સૌથી વિશ્વસનીય સિમેન્ટ બ્રાન્ડ્સ–અંબુજા સિમેન્ટ્સ અને ACCનો સમાવેશ થાય છે, તે TNFD નિયમો અપનાવનાર વિશ્વની સાત સિમેન્ટ કંપની પૈકી એક બની છે.

અદાણી ગ્રુપના સિમેન્ટ બિઝનેસના સીઈઓ શ્રી વિનોદ બાહેટીએ જણાવ્યું હતું કે, “TNFD નિયમોનો સ્વીકાર અદાણી સિમેન્ટની પ્રકૃતિને સાનુકૂળ પ્રગતિ તથા પર્યાવરણલક્ષી કામગીરીમાં અગ્રીમ રહેવાની સફરની આ મહત્વપૂર્ણ ક્ષણ છે. TNFD નિયમો અનુસાર વિગતો જાહેર કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને આ ક્ષેત્રમાં પ્રથમ હોવાનો અમને ગર્વ છે. જવાબદાર વ્યવસાય તરીકે લાંબા ગાળાની સફળતા આ બાબત આવશ્યક છે તેવી અમારી માન્યતાને સનિશ્ચિત કરે છે. આ પ્રતિબદ્ધતા ડીકાર્બોનાઈઝેશનમાં અમારી તાજેતરની પ્રગતિ પર આધારિત છે, જેમાં વિશ્વમાં પ્રથમ વખત કૂલબ્રુકની રોટોડાયનેમિક હીટર™ (RDH™) ટેક્નોલોજીના વ્યાપારી ઉપયોગનો સમાવેશ થાય છે. અમે નેટ ઝીરો તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ, બાયોડાયવર્સિટી વધારી રહ્યા છીએ તેમજ અમારી કામગીરીને સાનુકૂળ બનાવી રહ્યા છીએ. અદાણી ગ્રુપની સર્વગ્રાહી ઈકોસિસ્ટમને અનુરૂપ નવીનતા, ડિજિટલાઈઝેશન તથા પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોની દિશામાં અમારી કામગીરી ભારતના ટકાઉ વિકાસ લક્ષ્યોને સમર્થન આપવાની સાથે તમામ પક્ષકારો માટે લાભદાયક બની રહેશે.”

TNFD એ યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ ફાઈનાન્સ ઈનિશિયેટિવ (UNEP FI), યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), વર્લ્ડ વાઈલ્ડલાઈફ ફંડ (WWF) અને ગ્લોબલ કેનોપી દ્વારા સ્થાપિત વૈશ્વિક વિજ્ઞાન-આધારિત પહેલ છે. તે કંપનીઓને જરૂરિયાત મુજબ આવશ્યક નિર્ણય લેવા અને કોર્પોરેટ રિપોર્ટિંગમાં પ્રકૃતિલક્ષી સર્વગ્રાહી માર્ગદર્શન આપે છે.

અદાણી સિમેન્ટ નાણાકીય વર્ષ-૨૬થી TNFD-નિર્ધારિત ભલામણોને ઔપચારિક રીતે અપનાવશે અને તે દ્વારા પર્યાવરણીય કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારી વધારશે. આ પગલું કંપનીની હાલની આબોહવા જોખમ સમીક્ષા તથા વિગતો જાહેર કરવાની પદ્ધતિ પર આધારિત છે, જે વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત માળખાને અનુરૂપ છે. અદાણી સિમેન્ટે પહેલેથી જ મજબૂત ESG ધોરણો અપનાવેલાં છે, જે અંતર્ગત મોટાપાયે વનીકરણનો સમાવેશ થાય છે. કંપનીએ ૭ મિલિયનથી વધુ વૃક્ષોનું વાવેતર કર્યું છે, પાણીના વપરાશના વૈશ્વિક ધોરણો અપનાવીને 12x પાણીની બચત કરી છે એટલું જ નહીં પરંતુ ઉત્પાદન સ્થળો અને કામગીરીમાં બાયોડાયવર્સિટી સંરક્ષણને ટોચની પ્રાથમિકતા આપી છે.

અંબુજા સિમેન્ટ્સ અને ACC બંને કંપનીઓ GRIHA-નિર્ધારિત લો-કાર્બન સિમેન્ટ અને કોંક્રિટ બાંધકામ ઉકેલોની વિશાળ શ્રેણી ઓફર કરે છે, જેમાં કંપનીઓના પોર્ટફોલિયોના ૮૫%થી વધુ ગ્રીન સિમેન્ટ મિશ્રણનો સમાવેશ થાય છે. આ બંને કંપનીના પ્રીમિયમ ઉત્પાદનો કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં સહાયરૂપ છે જે ટકાઉ બાંધકામ ઈકોસિસ્ટમ માટે સૌથી આવશ્યક છે. અદાણી સિમેન્ટ નાણાકીય વર્ષ-૨૮ સુધીમાં ૩૦% AFR ઉપયોગ અને ૬૦% ગ્રીન ઊર્જા વપરાશનું લક્ષ્ય રાખે છે. એ દ્વારા જવાબદાર સંસાધન વ્યવસ્થાપન અને બાયોડાયવર્સિટી સંરક્ષણના TNFD સિદ્ધાંતોને સીધા આગળ ધપાવે છે.

અદાણી સિમેન્ટ દ્વારા TNFD નિયમોની સ્વિકૃતિ ભારતીય સિમેન્ટ ઉદ્યોગ માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે, જે માળખાગત સુવિધાઓ અને રાષ્ટ્ર નિર્માણ માટે સૌથી આવશ્યક છે. પ્રકૃતિ-લક્ષી જાહેરાતો પ્રત્યે કંપનીનો આવો સક્રિય અભિગમ આ ક્ષેત્ર માટે એક ઉદાહરણ સ્થાપિત કરે છે, જે આ ક્ષેત્રના અન્ય સાથીદારોને પણ બાયોડાયવર્સિટી તેમજ પર્યાવરણ જાળવણીને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કરે છે. અદાણી સિમેન્ટનું નેતૃત્વ એ રીતે સ્થાપિત થાય છે કે તે વિશ્વની સૌથી મોટી ચાર સિમેન્ટ કંપનીઓમાં સામેલ છે જે SBTi-માન્યતા પ્રાપ્ત નેટ-શૂન્ય લક્ષ્યો અને વૈશ્વિક સહયોગ ધરાવે છે. નોંધપાત્ર છે કે IRENA હેઠળ એલાયન્સ ફૉર ઈન્ડસ્ટ્રી ડીકાર્બોનાઈઝેશન (AFID) માં જોડાનાર અદાણી સિમેન્ટ વિશ્વની પ્રથમ સિમેન્ટ ઉત્પાદક કંપની છે.

# દિગ્ગજ અભિનેત્રી કામિની કૌશલનું ૯૮ વર્ષની વયે નિધન

**૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૭ના રોજ તેમનો જન્મ થયો હતો અને કારકિર્દીની શરૂઆત ૧૯૪૬માં બ્લેક એન્ડ વ્હાઇટ ફિલ્મોથી થઈ**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૧૪**

હિન્દી સિનેમાના આદરણીય અને લોકપ્રિય હસ્તીઓમાંના એક એવા અનુભવી બોલિવૂડ અભિનેત્રી કામિની કૌશલનું ૯૮ વર્ષની વયે નિધન થયું છે. જણાવી દઈએ કે તેમને દેશના સૌથી વધુ ઉંમરના અભિનેત્રી હોવાનો ખિતાબ આપવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, કામિની કૌશલનું નિધન વૃદ્ધાવસ્થા સંબંધિત બીમારીઓને કારણે થયું હતું. તેમના પરિવારના નજીકના સૂત્રએ વિનંતી કરી છે કે તેમનો પરિવાર અત્યંત લો-પ્રોફાઈલ હોવાથી, આ સમયમાં તેમની ગોપનીયતા જાળવવામાં આવે. આ દિગ્ગજ અભિનેત્રીએ ૨૪ ફેબ્રુઆરી, ૧૯૨૭ના રોજ જન્મ લીધો હતો અને તેમની ફિલ્મી કારકિર્દીની શરૂઆત ૧૯૪૬માં બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોથી થઈ હતી. નોંધનીય છે કે, તેમણે દિલીપ કુમાર અને રાજ કપૂર જેવા અનેક મોટા સ્ટાર્સ સાથે કામ કરીને પોતાની કારકિર્દીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

કામિની કૌશલે તેમની ફિલ્મી કારકિર્દી દરમિયાન શહીદ, નદિયા કે પાર, શબનમ, આરઝૂ, બિરાજ બહૂ, દો ભાઈ, ઝિદ્દી, પારસ, નમૂના, ઝાંઝર, આબરૂ, બડે સરકાર, જેલર, અને નાઈટ ક્લબ જેવી અનેક ફિલ્મોમાં કામ કર્યું હતું. તેમની ફિલ્મ નીચા નગર ખૂબ જ હિટ રહી હતી, જેને સૌપ્રથમ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. ફિલ્મો ઉપરાંત, તેમણે દૂરદર્શન પર આવતી સિરિયલ ચાંદ સિતારે સહિત ટીવી સિરિયલોમાં પણ કામ કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે, ધર્મેન્દ્રના પ્રથમ કો-સ્ટાર કામિની કૌશલ જ હતાં. ધર્મેન્દ્રએ સોશિયલ મીડિયા પર એક ફોટો શેર કરીને આ યાદ તાજી કરી હતી અને લખ્યું હતું કે આ મારી જિંદગીની, પહેલી ફિલ્મ શહીદની હીરોઈન કામિની કૌશલ સાથે પહેલી મુલાકાતની પહેલી તસવીર... બંનેના ચહેરા પર સ્મિત... એક પ્રેમભરી ઓળખાણ હતી.

ઉમા કશ્યપના નામે લાહોરમાં જન્મેલા કામિની કૌશલ એક અત્યંત શિક્ષિત પરિવારમાંથી આવતા હતા. તેમના પિતા પ્રખ્યાત વનસ્પતિશાસ્ત્રી શિવરામ કશ્યપ, ભારતીય વૈજ્ઞાનિક જગતમાં એક અગ્રણી વ્યક્તિ હતા અને તેમણે લાહોરમાં વનસ્પતિ વિજ્ઞાન વિભાગની સ્થાપના કરી હતી.

કામિનીનું બાળપણ ઘોડેસવારી, ભરતનાટ્યમ, સ્વિમિંગ અને શિલ્પકલા જેવા અનેક કૌશલ્યો શીખવામાં પસાર થયું હતું. રેડિયો નાટકો અને રંગભૂમિમાં ભાગ લેવાથી તેમને સ્વાભાવિક અભિનય કરવાની અને અવાજમાં પરિવર્તન લાવવાની કુશળતા વિકસાવવામાં મદદ મળી હતી.

## પાક. સુપ્રીમ કોર્ટના બે જજોનું રાજીનામું

# પાકિસ્તાનમાં ‘બંધારણની કબર પર ૨૭માં સુધારાનો પાયો નખાયો’

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈસ્લામાબાદ, તા.૧૪**

પાકિસ્તાનમાં ન્યાયતંત્રની સ્વતંત્રતાને નબળી પાડતા વિવાદાસ્પદ ૨૭મા બંધારણીય સુધારાને પગલે મોટો રાજકીય અને બંધારણીય સંકટ ઊભો થયો છે. રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ આ સુધારાને મંજૂરી આપ્યાના ગણતરીના કલાકોમાં જ સુપ્રીમ કોર્ટના બે વરિષ્ઠ ન્યાયાધીશો, ન્યાયાધીશ મન્સૂર અલી શાહ અને ન્યાયાધીશ અતહર મિનલ્લાહે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરાયેલો આ ૨૭મો બંધારણીય સુધારો, પાકિસ્તાનમાં એક ફેડરલ બંધારણીય અદાલતની સ્થાપના કરશે, જે ફક્ત બંધારણીય બાબતોની સુનાવણી કરશે. જ્યારે હાલની સુપ્રીમ કોર્ટ માત્ર નાગરિક અને ફોજદારી બાબતો સુધી મર્યાદિત રહેશે. ન્યાયાધીશ મન્સૂર અલી શાહે તેમના રાજીનામા પત્રમાં આ સુધારાને પાકિસ્તાનના બંધારણ પર ગંભીર હુમલો ગણાવ્યો છે. તેણે રાજીનામા પત્રમાં લખ્યું, ‘સુપ્રીમ કોર્ટની સત્તાઓને નાબૂદ કરે છે, ન્યાયતંત્રને કારોબારી હેઠળ લાવે છે અને બંધારણીય લોકશાહીના મૂળ પર પ્રહાર કરે છે.’

ન્યાયાધીશ અતહર મિનલ્લાહે તેમના રાજીનામા પત્રમાં ખૂબ જ આક્રોશ વ્યક્ત કર્યો છે. તેણે રાજીનામા પત્રમાં લખ્યું, ‘મેં જે બંધારણનું રક્ષણ કરવાના શપથ લીધા હતા તે હવે અસ્તિત્વમાં નથી. ૨૭મો સુધારોનો પાયો બંધારણની કબર પર છે. મારા માટે નવી વ્યવસ્થામાં ન્યાયાધીશનો પોશાક પહેરવો હવે વિશ્વાસઘાતનું પ્રતીક બની ગયું છે. તેથી, હું આ પદ પર ચાલુ રહી શકતો નથી.’ તેણે મુખ્ય ન્યાયાધીશની મૌન અને નિષ્ક્રિયતા વચ્ચે તેમનો ડર સાચો પડ્યો હોવાનું જણાવ્યું હતું.

નિષ્ણાતો આ સુધારાને ન્યાયતંત્રની સ્વતંત્રતા પરનો સૌથી મોટો હુમલો ગણાવી રહ્યા છે. આ સુધારા હેઠળ જે મુખ્ય ફેરફારો થશે. રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની સલાહ પર આર્મી ચીફ અને ડિફેન્સ ફોર્સના વડાની નિમણૂક થશે. ફિલ્ડ માર્શલ, માર્શલ ઓફ ધ એરફોર્સ અને એડમિરલ ઓફ ધ ફ્લીટ જેવા પદો હવે આજીવન રહેશે. જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફ કમિટીના ચેરમેનનું પદ ૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સમાપ્ત થશે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ સુધારો ભવિષ્યમાં પાકિસ્તાનને ગંભીર બંધારણીય પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

# ડ્રગ્સની રેડમાં પણ બેંગલુરુ પોલીસે કર્યો AI નો ઉપયોગ

**બેંગલુરુ પોલીસ કમિશનર સીમંત કુમાર સિંહનું કહેવું છે કે AIની મદદથી ઇમરજન્સી રિસ્પોન્સ ખૂબ જ જલદી આપી શકાય છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**બેંગલુરુ, તા.૧૪**

બેંગલુરુ સિટી પોલીસ દ્વારા શહેરને સુરક્ષિત રાખવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમનું આ AI હવે મશીન લર્નિંગ (ML) છે. સેફ સિટી પ્રોજેક્ટ હેઠળ આ AIનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. એના દ્વારા હવે લોકોની સેફ્ટીથી લઈને કોઈ પણ ઘટના વિશે પોલીસે જાણ કરવામાં અને એ વિશે જલદી પ્રતિભાવ આપવા માટે એનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ માટે AI સર્વેલન્સ સિસ્ટમ, ફેશિયલ રિકોગ્નિશન ટેક્નોલોજી, પ્રીડિક્ટિવ પોલીસિંગ મોડલ અને ઈન્ટિગ્રેટેડકમાન્ડ ઓપરેશનનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. બેંગલુરુ પોલીસ કમિશનર સીમંત કુમાર સિંહનું કહેવું છે કે AIની મદદથી ઈમરજન્સી રિસ્પોન્સ ખૂબ જ જલદી આપી શકાય છે. આ વિશે તેમણે કહ્યું, ‘એક વાર અમને ૧૧૨ પરથી ફોન આવે ત્યારે અમારે હવે ફોન કરનારને લોકેશન પૂછવાની જરૂર નહીં પડશે. આ ટેક્નોલોજી તેને એકદમ ચોક્કસ જગ્યા શોધી લેશે અને એની આસપાસ જે પોલીસનું વાહન હશે એને તરત માહિતી આપશે. આ માટે પોલીસ હવે દસ મિનિટની અંદર પ્રતિક્રિયા આપશે. જોકે એ ૨ થી ૨૦ મિનિટ પણ થઈ શકે છે કારણ કે ત્યાં સુધી પહોંચવામાં પણ ઘણાં પરિબળો ભાગ ભજવતા હોય છે.’ સેફ સિટી પ્રોજેક્ટ અનુસાર બેંગલુરુમાં વધુ ૧૦૦૦૦ કેમેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. પોલીસે પાસે હવે પ્રાઈવેટ જગ્યા અને રેસિડેન્ટ્સના કેમેરાનું પણ ઍક્સેસ છે. કોઈપણ પોલીસ સ્ટેશન હવે શહેરના પાંચ લાખથી વધુ કેમેરાનું ૨૦ મિનિટ સુધી કોઈપણ અડચણ વગર ઍક્સેસ મેળવી શકે છે. બેંગલુરુ પોલીસ દ્વારા AIની મદદથી ફેસ રિકોગ્નિશન કેમેરા અને ઓટોમેટિક નંબર પ્લેટ રિકોગ્નિશન સિસ્ટમનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે જેથી તેઓ હવે કોઈને પણ ખૂબ જ જલદી ઓળખી શકશે. ૧૧ નવેમ્બરે ટ્રી પાર્ક મેટ્રો સ્ટેશનની પાસે એક મહિલા અને પુરુષ આરગ્યુમેન્ટ કરી રહ્યાં હતાં ત્યારે આ કેમેરા વડે એની ઓળખ પાડવામાં આવી હતી અને એમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ઈન્ટિગ્રેટેડકમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર AI અને MLની મદદથી લાઇવ ફૂટેજને ઍક્સેસ કરે છે અને પેટ્રોલિંગ વાહનને એ વિશે માહિતી આપે છે.

૧૧ નવેમ્બરે હલાસુર ગેટ પોલીસ સ્ટેશનની હદમાં એક નાના બાળકને કોઈ તરછોડીને જતી રહ્યું હતું. એ સમયે ઈન્ટિગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર દ્વારા AIનો ઉપયોગ કરી CCTV ફૂટેજને એનાલાઇઝ કરવામાં આવ્યું હતું. હોયસાલા સ્ટાફ દ્વારા ૧૪ મિનિટમાં જગ્યા પર પહોંચી બાળકને લઈ લેવામાં આવ્યું હતું અને એને તરત જ સારવાર માટે વનિવિલાસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. હવે આ બાળકને કોણ છોડીને જતી રહ્યું હતું એ માટે પણ AIની મદદ લેવામાં આવી રહી છે.

૫ નવેમ્બરના રોજ એક વિદેશની વ્યક્તિ ચિકાબનાહાલી, કડુગોડીમાં ભારતમાં પ્રતિબંધિત નાર્કોટિક્સ વેચી રહી હતી. આ માટે ‘Namma 112’ પર ટીપ આપવામાં આવી હતી. ત્યાર બાદ ઈન્ટિગ્રેટેડકમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર દ્વારા AI અને MLની મદદથી હોયસલા સ્ટાફને એ માટે માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમણે ૧૬ મિનિટમાં જગ્યા પર પહોંચી એ વ્યક્તિને અરેસ્ટ કરી હતી. તેમણે ૩૬૧ એક્સટેસી ટેબલેટ જપ્ત કરી હતી જેનું વજન ૧૬૨ ગ્રામ હતું. આ સાથે જ આઠ લાખ રૂપિયાનું કેશ પણ જપ્ત કર્યું હતું.

# માઇનસ ૨.૧ ડિગ્રી સાથે શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત: કાશ્મીરનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**શ્રીનગર, તા.૧૪**

સમગ્ર કાશ્મીરમાં તાપમાન સતત ઘટી રહ્યું હોવાની વચ્ચે મોટા ભાગના વિસ્તારોમાં રાતનું તાપમાન શૂન્ય કે તેથી નીચે પહોંચી ગયું છે. શ્રીનગરમાં માઈનસ ૨.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાનની સાથે સિઝનની સૌથી ઠંડી રાત્રિ જોવા મળી હતી તેમ હવામાન વિભાગના અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

શ્રીનગરમાં બુધવારે લઘુતમ તાપમાન સામાન્યથી ત્રણ ડિગ્રી ઓછું રહ્યું હતું. હવામાન વિભાગના અધિકારીઓનાં જણાવ્યા અનુસાર દક્ષિણ કાશ્મીરનાં કોકેરનાગમાં લઘુતમ તાપમાન ૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. તેના સિવાય કાશ્મીર ખીણનાં અન્ય તમામ હવામાન કેન્દ્રોમાં રાતનું તાપમાન શૂન્યથી ઓછું નોંધવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, પર્યટન સ્થળ પહેલગામમાં લઘુતમ તાપમાન માઈનસ ૩.૮ ડિગ્રી સેલ્સિયસ અને ગુલમર્ગ રિસોર્ટમાં માઈનસ ૦.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે રાતનાં સમયે તાપમાનમાં વધુ ઘટાડો થઈ શકે છે. હિમાચલ પ્રદેશના પર્વતીય અને ખીણ પ્રદેશોમાં પણ ઠંડીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. લાહોલનાં તાબોમાં રાતના સમયે માઈનસ ૭.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. શિમલા અને ધર્મશાળામાં અનુક્રમે ૮.૨ અને ૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. ઓડિશાનાં પણ અનેક વિસ્તારોમાં તાપમાનમાં તીવ્ર ઘટાડો નોંધાયો હતો. કંધમાલ જિલ્લાનાં દરીંગબાદી વિસ્તાર ૭.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર રહ્યો હતો. બીજી તરફ દિલ્હીમાં સતત ત્રીજા દિવસે પ્રદૂષણ ગંભીર કેટેગરીમાં નોંધવામાં આવ્યું હતું. બપોરે ચાર વાગ્યે ૨૪ કલાકનો સરેરાશ એર ક્વાલિટી ઈન્ડેક્સ ૪૦૪ નોંધાયો હતો.




## ‘મા વંદે’માં અમદાવાદી ઉન્ની મુકુંદન નરેન્દ્ર મોદીનો રોલ કરશે

# રવીના ટંડન પીએમ મોદીના માતા હીરાબાનો રોલ કરશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૪**

પીએમ મોદી પર વધુ એક બાયોપિક બની રહી છે, જેમાં રવીના ટંડન પીએમ મોદીના માતા હીરાબેન મોદીનો રોલ કરશે. આ એકથી વધુ ભાષાઓમાં બની રહેલી ‘મા વંદે’ ફિલ્મમાં અમદાવાદી છોકરો અને ‘માર્કો’ જેવી મલયાલમ ફિલ્મનો સ્ટાર ઉન્ની મુકુંદન પીએમ મોદીનો રોલ કરશે. ૧૭ સપ્ટેમ્બરે પીએમ મોદીના જન્મ દિવસે તેણે આ ફિલ્મની જાહેરાત કરી હતી. આ ફિલ્મ ક્રાંતિ કુમાર ચ. ડિરેક્ટ કરશે અને સિલ્વર કાસ્ટ ક્રિએશનના વીર રેડ્ડી આ ફિલ્મ પ્રોડ્યુસ કરશે.



આ ફિલ્મ સાથે સંકળાયેલા સુત્રોના જણાવ્યા અનુસાર રવીના ટંડનને હીરાબાનો રોલ કરવા માટે પસંદ કરવામાં આવી છે. શક્તિ, ઊંડાણ અને અનેક સ્તરો સાથેના પાત્ર માટે મેકર્સને રવીને ટંડન યોગ્ય લાગી છે. હિરાબાની સ્ટોરીમાં “બાળપણમાં જ પોતાની માતા ગુવામી દેવી..શાંતિ અને દૃઢ મનોબળથી તેમણે કઈ રીતે પરિવારનો ઉછેર કર્યો” જેવી બાબતોએ રવીનાને આ રોલ કરવા માટે આકર્ષિત કરી હતી.

સુત્રએ આગળ જણાવ્યું, “મા વંદે એક એવી ફિલ્મ છે, જે ખાસ એક માતા અને દિકરાના સંબંધ પર જ આધારીત છે. આ ફિલ્મમાં મોટા ભાગે બલિદાન, દૃઢ નિશ્ચય અને તેમણે દિકરાનું જીવન બહેતર બનાવવા માટે આપેલું પ્રદાન જેવી ઘટનાઓ દર્શાવાશે. રવીના ટંડન આ બાબતથી ઘણા પ્રભાવિત થયા અને તે ફિલ્મનો ભાગ બનશે.”

આ ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલાં રવીના ટંડન પોતાનાં રોલ માટે બિલકુલ નવું સ્વરૂપ ધારણ કરી લેશે, આ ફિલ્મનું પ્રોડક્શન મોટા પાયે કરવામાં આવશે, જેમાં એડવાન્સ વીએફએક્સ ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. એક પ્રભાવશાળી વ્યક્તિના પારિવારિક મૂળ અને રાષ્ટ્રીય નેતાને ઘડવામાં માતાની મહત્વપૂર્ણ ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરીને, મા વંદે બાયોપિક શૈલીમાં તેમનાં જીવનની ઓછી જાણીતી ઘટનાઓ અને બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. રવીના ટંડનના મજબુત અભિનય સાથે, આ ફિલ્મ ભાવનાત્મક વાત રજૂ કરશે એવો અંદાજ છે.

## આ ફિલ્મ રઝનીશ રેઝી ઘાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે

# ‘૧૨૦ બહાદુર’ની ટીમે રેઝંગલાના માનમાં ‘માય સ્ટેમ્પ’ લોન્ચ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૪**

ભારતીય સેનાની હિંમત અને બલિદાનને એક હૃદયસ્પર્શી અંજલિ આપવા માટે ફરહાન અક્તરની આવનારી ફિલ્મ ‘૧૨૦ બહાદુર’ની ટીમ દ્વારા ખાસ બનાવાયેલી ‘માય સ્ટેમ્પ’ લોંચ કરવામાં આવી છે, જે રેઝંગ લા વૉર મેમોરીયલને સમર્પિત છે. આ સ્ટેમ્પ નવી દિલ્હીમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા લોંચ કરવામાં આવી છે, જે ભારતીય સેનાના હિરોએ લડેલી ૧૩મી બટાલિયન, કુમાઓં રેજિમેન્ટની આતિહાસિક રેઝંગ લાની લડતમાં વીરતાને સમર્પિત છે.

લદ્દાખના ચુશુલમાં આવેલું, રેઝાંગ લા યુદ્ધ સ્મારક ૧૯૬૨ના ભારત-ચીન યુદ્ધમાં સર્વોચ્ચ બલિદાન આપનારા સૈનિકોની અદમ્ય ભાવનાને એક ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ તરીકે ઉભું કરાયું છે. નવી અનાવરણ કરાયેલી ટપાલ ટિકિટ આ વારસાને દર્શાવે છે - તેમની અજોડ હિંમતની ઉજવણી કરે છે અને ખાતરી કરે છે કે તેમના વીર કાર્યો આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.

‘૧૨૦ બહાદુર’માં પરમવીર ચક્ર પ્રાપ્ત મેજર શૈતાનસિંહની અનોખી વાત પર આધારીત છે. આ પાત્ર ફરહાન અખ્તર ભજવે છે, આ ફિલ્મમાં તેમનાં નેતૃત્વ, અડગ બહાદુરીની વાત કરવામાં આવી છે, જે દેશના પ્રતિકૂળ ભૌગોલિક સ્થિતિમાં સેનાની બહાદુરીની ક્ષણો દર્શાવે છે. આ ફિલ્મ રઝનીશ રેઝી ઘાઈ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે અને રિતેશ સિદ્ધવાની તેમજ ફરહાન અખ્તરના એક્સેલ એન્ટરટેઈન્મેન્ટ અને અમિત ચંદ્રા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે.

‘૧૨૦ બહાદુર’ ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રિલીઝ થશે, તેની ટૅગલાઈન ‘હમ પીછે નહીં હટેંગે’ છે.

## ફિલ્મ કુછ કુછ હોતા હૈએ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા

# કરણ જોહર કુછ કુછ હોતા હૈની રિમેકમાં નવા કલાકારોને લેવાના મુડમાં

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૪**

કરણ જોહર દ્વારા નિર્દેશિત કુછ કુછ હોતા હૈ આજે પણ લોકોની ફેવરિટ ફિલ્મ છે. કુછ કુછ હોતા હૈએ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ફિલ્મમાં શાહરૂખ ખાન, કાજોલ અને રાની મુખર્જી મુખ્ય ભૂમિકામાં હતા. ત્રણેયે પોતાના શાનદાર અભિનયથી બધાને પ્રભાવિત કર્યા હતા.



કરણ જોહરે તાજેતરમાં જ ફિલ્મના રિમેક વિશે વાત કરી હતી. તેમણે ખુલાસો કર્યો હતો કે તેઓ ‘કુછ કુછ હોતા હૈ’ના રિમેકમાં રણબીર કપૂર, દીપિકા પાદુકોણ અને કિયારા અડવાણી જેવા કોઈ પણ ટોચના સ્ટાર્સને કાસ્ટ કરશે નહીં. કરણ જોહરે ‘કુછ કુછ હોતા હૈ’ ફિલ્મ વિશે સાનિયા મિર્ઝા સાથે વાત કરી હતી. કરણે કહ્યું હતું કે, આલિયા ભટ્ટ મોર્ડન અંજલિનું પાત્ર ભજવી શકે છે, રણવીર સિંહ રાહુલનું પાત્ર ભજવી શકે છે અને અનન્યા પાંડે ટીનાનું પાત્ર ભજવી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે ટીનાના પાત્રમાં જાહ્નવી કપૂર અને સારા અલી ખાન પણ સારા હશે.

ભત્રીજાવાદ વિશે વાત કરતા કરણે કહ્યું, “હું જાણું છું કે આ ‘ભત્રીજાવાદના બાળકો’ છે. મેં તેમને મારી સામે મોટા થતા જોયા છે, પરંતુ તેમના માતાપિતાએ મને ક્યારેય ફોન કર્યો નથી. મેં હંમેશા તેમને ફોન કર્યો છે. કરણે એ પણ ખુલાસો કર્યો હતો કે કેટલાક કલાકારોએ તેમની ઓફર ઠુકરાવી દીધી હતી.

કરણે નવી પેઢીના કોઈપણ કલાકારોને પૂર્ણ-લંબાઈની ભૂમિકાઓમાં દિગ્દર્શિત કર્યા નથી, તેમ છતાં અનન્યા, જાહ્નવી અને સારાએ તેમની તાજેતરની ફિલ્મ રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં, ખાસ કરીને “હાર્ટ થ્રોબ” ગીતમાં કેમિયો કર્યો હતો. કરણ જોહર હાલમાં ધર્મા પ્રોડક્શન્સ હેઠળની એક ફિલ્મમાં વ્યસ્ત છે. તે તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરીનું નિર્માણ કરી રહ્યો છે. અનન્યા પાંડે કાર્તિક આર્યન સાથે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# લાલ કિલ્લા પર રામ ચરણની ફિલ્મનું શૂટિંગ રદ્ કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૧૪**

રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટથી બધાને હેરાન લાગ્યો છે. આનાથી અનેક ફિલ્મ શૂટિંગ અને કાર્યક્રમો પર અસર પડી છે. સુરક્ષામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે RRR ફેમ અભિનેતા રામ ચરણની આગામી ફિલ્મનું શૂટિંગ મુલતવી રાખવામાં આવ્યું છે. એવા સમાચાર છે કે, નિર્માતાઓએ આ પ્રોજેક્ટ માટે વહીવટીતંત્ર પાસેથી પહેલાથી જ પરવાનગી મેળવી લીધી હતી, પરંતુ હવે શૂટિંગ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રામ ચરણ નાના સમારકામ માટે દિલ્હીમાં તેમની આગામી ફિલ્મનું શૂટિંગ કરવાના હતા. નિર્માતાઓ આ મહિનાની ૧૭ નવેમ્બરે લાલ કિલ્લાની અંદર અને તેની આસપાસ રામ ચરણ સાથે શૂટિંગ કરવાના હતા. જોકે, આતંકવાદી હુમલા પછી નિર્માતાઓની યોજનાઓ ટૂંકી કરવામાં આવી હતી અને બધું રદ કરવું પડ્યું હતું. શૂટિંગ ક્યારે ફરી શરૂ થશે તે અંગે કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી.

સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ‘રામ ચરણના આગામી પ્રોજેક્ટનો એક ભાગ પૂર્ણ કરવા માટે ટીમને ૧૭ નવેમ્બરે લાલ કિલ્લાની અંદર અને તેની આસપાસ શૂટિંગ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. જોકે, હવે શેડ્યૂલ બદલાશે.’



અન્ય એક સૂત્રએ જણાવ્યું હતું કે, નિર્માતાઓએ આ શૂટિંગ ૧૫ અને ૧૬ નવેમ્બર માટે શેડ્યૂલ કર્યું હતું. જોકે, હવે તે મુલતવી રાખવામાં આવ્યું છે. આ ઘટનાથી શાહિદ કપૂર, રશ્મિકા મંદન્ના અને કૃતિ સેનનની આગામી ફિલ્મ, કોકટેલ ૨ ને પણ અસર થઈ છે. ફિલ્મનું શૂટિંગ દિલ્હીમાં થવાનું હતું. જોકે, વાયુ પ્રદૂષણ અને દિલ્હી વિસ્ફોટોને કારણે, નિર્માતાઓએ શૂટિંગ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ફિલ્મ, જેનું શૂટિંગ જૂની દિલ્હીમાં થવાનું હતું, તે હવે મોડી થશે. જ્યારે શેડ્યૂલ રદ કરવામાં આવ્યું નથી, તે ચોક્કસપણે મોડી થશે. આ મહિનાના અંતમાં નવી તારીખની જાહેરાત થઈ શકે છે.

# વલસાડ જિલ્લામાં આજે ઉમરગામ, ધરમપુર અને કપરાડા તાલુકામાં જન જાતિય ગૌરવ દિવસની ઉજવણી થશે

## ઉમરગામમમાં જિલ્લા કક્ષાની ઉજવણીમાં કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, ધરમપુરમાં પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને કપરાડામાં શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહેશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૪**

રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદેશ્ય સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં ભગવાન બિરસા મુંડાના જન્મદિવસ તા.૧૫મી નવેમ્બરને 'જન જનજાતિય ગૌરવ દિવસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જે અન્વયે આજરોજ તા.૧૫ નવેમ્બરના રોજ વલસાડ જિલ્લામાં આદિવાસી બહુલ વસ્તી ધરાવતા ઉમરગામ, ધરમપુર અને કપરાડા તાલુકામાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની હર્ષોલ્લાસભેર ઉજવણી કરાશે.

વલસાડમાં આજે તા.૧૫ નવેમ્બરે જનજાતીય ગૌરવ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી ઉમરગામ તાલુકાના ધોડીપાડા ખાતે સાંસ્કૃતિક હોલમાં બપોરે ૧.૩૦ કલાકે રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ અને પ્રોટોકોલ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી અને ઉમરગામના ધારાસભ્યશ્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં કરાશે. આ સિવાય ધરમપુર તાલુકાના બામટી ગામે લાલ ડુંગરી મેદાન પર રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ અને ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ દિવસની ઉજવણી થશે. કપરાડા તાલુકામાં સિવિલ કોર્ટ સામેના મેદાન પર કેબિનેટ મંત્રીશ્રી ડો. પ્રદ્યુમન વાજા, સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક માધ્યમિક અને પૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ તેમજ કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં જનજાતિય ગૌરવ દિવસની ધામધૂમથી ઉજવણી થશે.

ઉમરગામ ખાતે જિલ્લા કક્ષાની ઉજવણીમાં રમત ગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૧૦ ખેલાડીનું સન્માન કરાશે અને વિવિધ યોજનાના ૧૧ લાભાર્થીઓને સહાય વિતરણ કરાશે. ધરમપુરમાં ૮ ખેલાડીનું સન્માન અને ૧૨ લાભાર્થીને સહાય જ્યારે કપરાડા તાલુકામાં ૮ ખેલાડીનું સન્માન અને ૧૨ લાભાર્થીઓને યોજનાકીય સહાય વિતરણ કરાશે.

# સુરતના વૃદ્ધને જમીનના બનાવટી સાટાખાત અને દસ્તાવેજો બનાવીને રૂ.૧.૫૧ કરોડની છેતરપિંડી પ્રકરણમાં પોલીસે અંભેટાના એક આરોપીની ધરપકડ કરી

## આરોપી ઝુબેર મેમણ વિરુદ્ધ વલસાડ જિલ્લામાં પણ જમીનની છેતરપીંડીનો ગુનો નોંધાયેલો છે


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી,(વંકાલ), તા.૧૪**

સુરતના એક વૃદ્ધને જમીનના બનાવટી સાટાખાત અને દસ્તાવેજો બનાવીને રૂા.૧.૫૧ કરોડની છેતરપિંડી કરવાના ચાર જેટલા સામેના ગુનામાં પોલીસે અંભેટા ગામનો એક આરોપીની ધરપકડ કરી છે. નોંધનીય છે કે, આરોપી ઝુબેર મેમણ વિરુદ્ધ વલસાડ જિલ્લામાં પણ જમીનની છેતરપીંડીનો ગુનો નોંધાયેલો છે

મહાવીર પ્રસાદ સુમેરચંદ જૈન (ઉં.વ.૭૧, રહે.સુરત)ની ઓળખ લગભગ એક વર્ષ પૂર્વે તેમના નવસારીના વેજલપોર સ્થિત ફાર્મ હાઉસમાં વેર હાઉસનું કામ ચાલતું હતું તે દરમિયાન રેતી-કપચી સપ્લાય કરનાર હરીશભાઈ આહીર સાથે થઈ હતી. હરીશભાઈએ તેમને જમીનમાં રોકાણ કરવાથી થતા ફાયદા વિશે જણાવીને ચીખલીમાં જમીન લે-વેચનું કામ કરતા પોતાના બે મિત્રો સાથે મુલાકાત કરાવી બાદ જુલાઇ-૨૦૨૪માં મહાવીર પ્રસાદ જૈનને ચીખલીની એન્જલ મેન્સવેર નામની દુકાનમાં લઈ જઇ જ્યાં તેમની મુલાકાત દિલીપ રાજપૂત, ઝુબેર મેમણ અને ગોકુળ વર્મા નામના વ્યક્તિઓ સાથે થઈ હતી.

આ આરોપીઓએ ફરિયાદીને ગણદેવી તાલુકાના ધનોરી, ચીખલી તાલુકાના આમધરા, સાદડવેલ ગામે તથા વલસાડના અબ્રામા ગામની જમીનો બતાવી હતી. ત્યારબાદ જૂન-૨૦૨૪ દરમિયાન તેમણે આ જમીનોના બનાવટી સાટાખાત અને વેચાણ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. એટલું જ નહીં આ દસ્તાવેજો પર સરકારી કચેરીના બનાવટી સહી-સિક્કા અને જમીનના મૂળ માલિકોની ખોટી સહીઓ અને ફોટા લગાવીને તેનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કર્યો હતો.

આ રીતે આરોપીઓએ ફરિયાદી પાસેથી જુદા જુદા ૧૧ ચેક અને આરટીજીએસ ટ્રાન્ઝેકશન દ્વારા કુલ રૂ.૧,૫૧,૯૮,૦૦૦/- પડાવીને તેમની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હતો.

પોલીસે આ મામલે દિલીપ નટુભાઇ રાજપૂત (પરમાર), ગોકુળ મોરારભાઈ વર્મા, ઝુબેર ઈકબાલ મેમણ તથા ધર્મેન્દ્ર મગનલાલ રાઠોડ એમ ચાર જેટલા સામે ગુનો નોંધી પીઆઈ શ્રી ડી.એસ.કોરાટે વધુ તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન પોલીસે આરોપી ગોકુળ વર્મા અને મુખ્ય સૂત્રધાર દિલીપ રાજપૂતની અગાઉ ધરપકડ કરી હતી. જ્યારે ગુનામાં નાસતા ફરતા આરોપી ઝુબેર ઈકબાલ મેમણ (રહે. અંભેટા દીવાન ફળીયા તા. ગણદેવી જિ.નવસારી)ની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

# વાપી સ્ટાર્ટ અપ કોમ્યુનિટી દ્વારા આઈડિયાઝ ડેટ ઈન્સપાયર ચેઈન્જ કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

સ્ટાર્ટઅપ વાપી કમ્યુનિટીએ EDII (એન્ટ્રેપ્રનરશિપ ડેવલપમેન્ટ ઈન્સિટટ્યૂટ ઑફ ઈન્ડિયા) અમદાવાદ સાથે સહકારમાં અને ઈન્ડિયન ઈન્સિટટ્યૂટ ઑફ મટીરિયલ્સ મેનેજમેન્ટ, વાપી ચેપ્ટરના સહયોગથી 'આઈડિયાઝ દેટ ઈન્સ્પાયર ચેન્જ' નામનો કાર્યક્રમ ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ વાપીમાં સફળતાપૂર્વક યોજ્યો હતો.

આ કાર્યક્રમનો હેતુ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગસાહસિકો, વ્યાવસાયિકો અને સ્ટાર્ટઅપ સમુદાયમાં નવીનતા, સહકાર અને વિકાસની વિચારધારા વધારવાનો હતો. કાર્યક્રમ હોટેલ સિલ્વર લીફ, જી.આઈ.ડી.સી., વાપી ખાતે યોજાયો હતો, જેમાં IIMM અને સ્ટાર્ટઅપ વાપી કમ્યુનિટીના ૫૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વૃદ્ધિ, નવીનતા અને સમુદાય વિકાસ જેવા વિષયો પર ચર્ચા કરી. આ કાર્યક્રમ EDII દ્વારા સમગ્ર ભારતમાં ૯ થી ૨૨ નવેમ્બર,૨૦૨૫ દરમિયાન યોજાયેલ 'એન્ટ્રપ્રેનરશિપ ફોર્ટનાઈટ કાર્યક્રમ'નો એક ભાગ હતો.

આ કાર્યક્રમનો હેતુ ઉદ્યોગ સાહસિક વિચારધારા વિકસાવવાનો અને પ્રાદેશિક સહકાર વધારવાનો હતો. જેથી ભારતની નવીનતા ઈકોસિસ્ટમ વધુ મજબૂત બને. કાર્યક્રમમાં શ્રી ઈનિંદર પાલ સિંહ, પ્રોગ્રામ હેડ પી.જી.ડી.એમ., ઉપનિદેશક અને કાર્યકારી નિર્દેશક ઈ.ડી.આઈ.આઈ.એ બ્રાન્ડિંગ અને બ્રાન્ડ બિલ્ડિંગ વિષય પર મહત્ત્વપૂર્ણ વિચારો રજૂ કર્યા. તદુપરાંત, શ્રી કૃશિત શાહ, સ્થાપક-સ્ટાર્ટઅપ વાપી કમ્યુનિટી દ્વારા એક લાઈવ પેનલ ચર્ચા યોજાઈ હતી. પેનલમાં શ્રી પાર્થીવ મહેતા, પેટ્રન-સ્ટાર્ટઅપ વાપી કમ્યુનિટી, શ્રી આશિષ પરીખ, અધ્યક્ષ આઈ.આઈ.એમ.એમ. વાપી ચેપ્ટર, ડો. પંકજ ભારતી, સહ-પ્રોફેસર અને ઈનચાર્જ પશ્ચિમ પ્રાદેશિક કચેરી, વાપી તથા ડો. રાજેશ પાંડે, સહ-પ્રોફેસર-એસ.એસ.આર. આઈ.એમ.આર. ઉપસ્થિત રહ્યા હતા.

આ ચર્ચાનો મુખ્ય વિષય હતો ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવવો, સામાન્ય વ્યક્તિ સ્તરે નવીનતા વધારવી અને શૈક્ષણિક, ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ વચ્ચે સહકાર વધારવો. આ પહેલ દ્વારા સ્ટાર્ટઅપ વાપી કમ્યુનિટી અને ઈ.ડી.આઈ.આઈ. અમદાવાદએ ઉદ્યોગસાહસિકો માટે એક એવું મંચ તૈયાર કર્યુ. જ્યાં નવા વિચારકોને માર્ગદર્શન અને ઉદ્યોગના નિષ્ણાતો સાથે જ્ઞાન વિનિમયનો અવસર મળ્યો. આ કાર્યક્રમ વાપી વિસ્તારમાં ઉદ્યોગસાહસિકતા અને નવીનતા આધારિત વિકાસને પ્રોત્સાહન આપતો એક મહત્વપૂર્ણ પગલું સાબિત થયો. જે ટકાઉ આર્થિક વિકાસની દિશામાં આગળનું પગલું છે.

# પારડીમાં તલવારથી બર્થ ડે કેક કાપતો વીડિયો વાયરલ થતા પોલીસ એકશનમાં આવી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

પારડીમાં તલવારથી જન્મદિવસની ઉજવણીનો વીડિયો વાયરલ થતાં પોલીસે તપાસ શરૂ કરી છે.વલસાડ જિલ્લાના પારડી તાલુકામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક યુવકે પોતાના જન્મદિવસની ઉજવણી દરમિયાન કેક કાપવા માટે તલવારનો ઉપયોગ કર્યો હતો. કેક કાપવા માટે તલવાર સાથે રાખી હતી. યુવકનો તલવાર સાથે કેક કાપવાનો આ વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ પ્રકારની હથિયાર સાથેની ઉજવણી કાયદાકીય રીતે ગેરકાયદેસર અને જોખમી હોવા છતાં, યુવકે જાહેરમાં તેનો ઉપયોગ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થતાં જ સમગ્ર મામલો પારડી પોલીસના ધ્યાન પર આવ્યો છે. પારડી પોલીસે આ વીડિયોને ગંભીરતાથી લઈ તેના આધારે તાત્કાલિક તપાસ હાથ ધરી છે.

વીડિયોમાં દેખાતા યુવક સામે કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ સક્રિય બની છે.

# દેશની પ્રથમ સ્લીપર વંદે ભારત ટ્રેનનું બીજું ટ્રાયલ સફળ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૧૪**

ભારતીય રેલવેની આધુનિક સફરમાં વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ઉમેરાઈ છે. દેશની પ્રથમ 'સ્લીપર વંદે ભારત ટ્રેન'નું બીજું ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. આ ટ્રાયલ ટ્રેન ખાસ કરીને ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદથી મહારાષ્ટ્રના મુંબઈ વચ્ચે દોડશે. લાંબા અંતરની મુસાફરીને વધુ આરામદાયક અને ઝડપી બનાવવાના હેતુથી આ સ્લીપર વર્ઝન ડિઝાઈન કરવામાં આવ્યું છે. ટ્રાયલ દરમિયાન, આ ટ્રેનને અમદાવાદથી મુંબઈ તરફ ૧૩૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડાવવામાં આવી હતી. આ ઝડપ સાથે, મુસાફરો રાતોરાત ઓછા સમયમાં આ બે મહાનગરો વચ્ચે મુસાફરી કરી શકશે.અમદાવાદથી મુંબઈ વચ્ચેના આ ટ્રાયલ દરમિયાન, માર્ગમાં આવતા મુખ્ય સ્ટેશનો જેવા કે વડોદરા અને સુરત ખાતે પણ આ સ્લીપર ટ્રેનની એક ઝલક જોવા મળી હતી. આ સ્ટેશનો પર ટ્રેન રોકાઈ ન હોવા છતાં, નવી વંદે ભારત સ્લીપર ટ્રેનને નજરે નિહાળવા માટે લોકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. અત્યાર સુધી વંદે ભારત ટ્રેનો માત્ર ચેર કાર ફોર્મેટમાં જ ઉપલબ્ધ હતી, પરંતુ સ્લીપર વર્ઝનના આગમનથી રાત્રિના પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ સાથે મુસાફરી કરવાની તક મળશે. ટ્રાયલની સફળતાએ ટૂંક સમયમાં જ ટ્રેન નિયમિતપણે શરૂ થવાના સંકેત આપ્યા છે. દેશની પહેલી સ્લીપર વંદે ભારત ટ્રેનનું આ સફળ બીજું ટ્રાયલ ભારતીય રેલવેના વિકાસમાં એક મોટો માઈલસ્ટોન છે. ટેકનોલોજી અને આધુનિક સુવિધાઓથી સજ્જ આ ટ્રેન મુસાફરીના અનુભવને સંપૂર્ણપણે બદલી નાખશે. ઝડપ, આરામ અને સુરક્ષાના ઉચ્ચ ધોરણોને કારણે આ ટ્રેન સામાન્ય મુસાફરોથી લઈને વ્યાવસાયિકો સુધીના તમામ વર્ગના લોકોને આકર્ષિત કરશે. વંદે ભારત સ્લીપર ટ્રેનનું સંચાલન શરૂ થતાં જ લાંબા રૂટની મુસાફરી માટે તે પ્રવાસીઓની પ્રથમ પસંદગી બની રહે તેવી પ્રબળ સંભાવના છે, જેનાથી રેલવે પ્રવાસમાં નવી ક્રાંતિ આવશે.

# વડોદરા બસ ડેપો પરથી પકડાયેલા આઠ કિલો ગાંજાના કેસમાં સુરતનો કેરિયર ઝડપાયો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વડોદરા, તા.૧૪**

ગઈ તા.૮મી ઓક્ટોબરે સયાજીગંજ પોલીસ દ્વારા વડોદરા એસટી ડેપો ખાતે વોચ રાખી આઠ કિલો ગાંજા સાથે ઓરિસ્સાના શંકર સરધાને ઝડપી પાડ્યો હતો. ખાનગી નોકરી કરતા ૨૧ વર્ષિય યુવકને ગાંજાની ડિલિવરી માટે તેને સારી એવી રકમની ઓફર કરીને સુબ્રતા નાગ દ્વારા સુરત મોકલવામાં આવ્યો હોવાની પોલીસને વિગતો મળી હતી. જેથી ગાંજો મંગાવનાર સુરતના કેરિયરની પોલીસ તપાસ કરી રહી હતી.

સયાજીગંજ પોલીસવાળા સુરતના મોસાલી ગામે વોચ રાખવામાં આવી હતી અને આખરે પોલીસથી બચવા ભાગી રહેલા મહંમદ અકરમ યાકુબભાઇ મલેકને ઝડપી પાડવામાં આવ્યો છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM RAJENDRA KUMAR TO **RAJENDRA KUMAR RAWAL** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

It is for general information that I, SANTOSH KUMAR DUBEY S/o HINCHHLAL DUBEY R/o Room No. 11, Patelpada, Near Krishana Company, Silvassa, Dadra and Nagar Haveli-396230 declare that name of mine and my minor son has been wrongly written as SANTOSH KUMAR AND DUBEY NIKHIL KUMAR in my minor son namely NIKHIL KUMAR DUBEY, aged 15 years in his school records. The actu-al name of mine and my son are SANTOSH KUMAR DUBEY and NIKHIL KUMAR DUBEY respectively, which may be amended accordingly.

**CHANGE OF NAME**

It is for general information that I, SANTOSH KUMAR DUBEY s/o HINCHHLAL DUBEY r/o Room No. 11, Patelpada, Near Krishana Company, Silvassa, Dadra and Nagar Haveli-396230 declare that name of mine and my minor son has been wrongly written as SANTOSH AND DUBEY NITINKUMAR in my minor son namely NITIN KUMAR DUBEY, aged 17 years in his 10th Certificate No. E124/34951/0049 and name of mine and my minor son has been wrongly written as SANTOSH AND DUBEY NITINKUMAR in his school records. The actual name of mine and my son are SANTOSH KUMAR DUBEY and NITIN KUMAR DUBEY respectively, which may be amended accordingly.

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૭/૧૧/૨૦૨૫ સોમવાર સમય : સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી | દાદરા | ૧૧ કેવી દાદરા ટાઉન | સાંઈ કોમ્પ્લેકસ, વલસાડ ફળિયા, શ્રી શાખા બિલ્ડીંગ, ટાઉન હોલ વિસ્તાર, સીએચસી હોસ્પિટલ અને રતન પેટ્રોલ પંપ વિસ્તાર |
| ૧૭/૧૧/૨૦૨૫ સોમવાર સમય : સવારના ૯-૩૦ થી સાંજના ૬-૦૦ સુધી | સિલ્લી | ૧૧ કેવી ઉમરકુઈ-૨ | ફલાંદી પટેલપાડા, ઉમરકુઈ હાથપાડા, પૂનમ કોર્પોરેશન, GOC પેટ્રોકેમિકલ, WTP હાથપાડા, નવાપાડા, ઉમરકુઈ ડુંગરપાડા, સિદ્ધાંત ઈસ્પાત, શ્રી સાંઈબાબા લોજિસ્ટિક્સ, ઉમરકુઈ રાઉતપાડા, ઓઝરપાડા, ઉમરકુઈ પટેલપાડા, બેહદુનપાડા, બેહદુનપાડા-૧, ઉમરકુઈ ખોરીપાડા, કિસાન મોલ્ડિંગ, ઉમરકુઈ ભુજરપાડા |
| ૧૯/૧૧/૨૦૨૫ બુધવાર સમય : સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી | વાઘધારા | ૧૧ કેવી વાઘધારા ઈન્ડ.-૮ | ઝીરો ટેક્ષ, સ્પાન, કોણાર્ક આઈ.ઈ. |
| ૨૧/૧૧/૨૦૨૫ શુક્રવાર સમય : સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી | વાઘધારા | ૧૧ કેવી વાઘધારા ઈન્ડ.-૧ | સ્ટરલાઈટ વિસ્તારની નજીક, પાલી ઈન્ડ, જેમ્સ વોકર ઈન્ડ, સંજય આઈ.ઈ., વિજય આઈ.ઈ, સુરત બેવરેજિસ ઈન્ડ. |
| ૨૧/૧૧/૨૦૨૫ શુક્રવાર સમય : સવારના ૧૦-૦૦ થી સાંજના ૬-૦૦ સુધી | દાદરા | ૧૧ કેવી દાદરા ઈન્ડ.-૪ | અરિહંત ઈન્ડ, રેડકોમ ગલી, જેએમએસ રોડ |

અસુવિધા બદલ દિલગીર છીએ

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ રજૂ કરે છે વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ જે હવે ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર ● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર

24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

U.T ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

RECRUITMENT ADVERTISEMENT FOR SENIOR CONSULTANT/ TECHNICAL ADVISOR – [RETIRED PERSONNEL FROM CENTRAL/ STATE GOVERNMENT / UT ADMINISTRATION/ PSUS / AUTONOMOUS AND STATUTORY ORGANIZATIONS]

No.PWD/DAMAN/WD-I/CONSULTANT/ 2025/8963 dt. 14/11/2025.

For details please scan or visit https://ddd.gov.in

The eligible candidates may submit their application form in the office of the Executive Engineer, PWD, WD-I, Daman within 22 days from the date of publication of Advertisement

Executive Engineer, P.W.D., W.D.-I, Moti Daman.

No. IP/DMN/2/5/2025-26/941, Dated: 14/11/2025

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સુચના

પ્રજાસત્તાક દિવસ ઉજવણી–2026 માટે ટેબ્લો (ઝાંખી)ની ડિઝાઇન અને તૈયારીઓ માટેનું આર.એફ.પી

ટેન્ડર ID: 2025_DAMAN_4531_1
ટેન્ડર નં. : 5/94/DDT/2017-18/PART/611

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 12/11/2025
બિડ ખોલવાની તારીખ : 25/11/2025

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2025-26/938, Dated: 14/11/2025

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પ્રશાસન

પર્યટન વિભાગ, ડી.એન.એચ. અને દમણ અને દીવ

ટેન્ડર સુચના

નાગોઆ બીચ, દીવ ખાતે ટેન્ટ સિટીના વિકાસ, સંચાલન, જાળવણી અને સંચાલન માટે આર.એફ.પી - ભાગ A.

ટેન્ડર ID: 2025_DAMAN_4527_1
ટેન્ડર નં. : 3/132/DT/DNH&DD/TENTCITY/NK/2024-25/PART/608

Visit https://ddtenders.gov.in/ or, visit https://ddd.gov.in/ dnhddtourism@gmail.com Phone No. 0260-2250002

હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 11/11/2025
બિડ ખોલવાની તારીખ : 01/12/2025

નિદેશક (પ્રવાસન), પ્રવાસન વિભાગ, વિદ્યુત ભવન, કચીગામ, દમણ - 396215

No. IP/DMN/2/5/2025-26/939, Dated: 14/11/2025

STATE LEGAL SERVICES AUTHORITY, DAMAN -DIU
RECRUITMENT ADVERTISEMENT-LEGAL AID DEFENSE COUNSEL

Advertisement No. 01/2025

Application forms are invited from eligible candidates for the following posts on purely contract basis for the period of 2 years, details whereof, are as under:

| Sr. No. | Name of Post | No. of Post | Monthly Consolidated Remuneration ( in Rs) |
|---|---|---|---|
| 1. | Assistant Legal Aid Defense Counsel | 01 | 35,000/- |

For particulars refer detailed Advertisement with Application Form, on the official website of Daman and Diu State Legal Services Authority and E-Court Services website; https://bombayhighcourt.nic.in/, https://districts.ecourts.gov.in/daman & https://damananddiu.nalsa.gov.in/

The eligible candidates may submit their application form in the office of the State Legal Services Authority, Daman by or before 15/12/2025 by 05:00 pm. Any application received thereafter shall not be considered.

Place : Daman
Dated : 14/11/2025

Ad-hoc Member Secretary, State Legal Services Authority, Daman-Diu

No. IP/DMN/2/5/2025-26/940, Dated: 14/11/2025


વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# બિહાર વિધાનસભાની ચૂંટણીમાં 'રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (એન.ડી.એ.)ના ઐતિહાસિક વિજયને દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપે વધાવ્યો

## ''આ અભૂતપૂર્વ જનાદેશ વિકસિત બિહાર, વિકસિત ભારત''ના સંકલ્પને વાસ્તવિકતા આપશેઃ પ્રદેશ ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

બિહાર વિધાનસભા ચૂંટણીમાં 'રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA)'ના ઐતિહાસિક વિજય બાદ, આજે કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપ કાર્યાલય ખાતે, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કાર્યકરોએ ફટાકડા ફોડી અને મીઠાઈઓ વહેંચીને વિજયની ઉજવણી કરી હતી. આ પ્રસંગે, પ્રદેશ ભાજપ પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલે જણાવ્યું હતું કે, ''આ અભૂતપૂર્વ જનાદેશ વિકસિત બિહાર, વિકસિત ભારત''ના સંકલ્પને વાસ્તવિકતા આપશે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDAની ભવ્ય અને અભૂતપૂર્વ જીતે માત્ર બિહારના ચૂંટણી ઈતિહાસમાં જ નહીં પરંતુ દેશની ચૂંટણીના ઈતિહાસમાં પણ એક સુવર્ણ અધ્યાય લખ્યો છે. વિકાસની રાજનીતિ માટે આ એક ઐતિહાસિક જીત છે. આ ચૂંટણીમાં NDA દ્વારા મેળવેલ ત્રણ ચતુર્થાંશ બહુમતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી નેતૃત્વ, તેમની વિશ્વસનીયતા, સુશાસન અને વિકાસના રાજકારણમાં લોકોની અતૂટ શ્રદ્ધાનો પુરાવો છે. આ ભવ્ય વિજય માટે શ્રી પટેલે પ્રધાનમંત્રીને ખૂબ ખૂબ અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

**બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એન.ડી.એ.ની ભવ્ય અને અભૂતપૂર્વ જીતે માત્ર બિહારના ચૂંટણી ઈતિહાસમાં જ નહીં પરંતુ દેશની ચૂંટણીના ઈતિહાસમાં પણ એક સુવર્ણ અધ્યાય લખ્યો છેઃ દુષ્યંતભાઈ પટેલ**

આ પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, બિહાર વિધાનસભાની ચૂંણીમાં NDAને મળેલા આ ઐતિહાસિક જનસમર્થન માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ શ્રી નીતિશ કુમારના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકારની વિકાસલક્ષી અને જન કલ્યાણકારી નીતિઓમાં લોકોના વિશ્વાસનો પુરાવો છે. આ પ્રચંડ બહુમતી એ વાતનો પુરાવો છે કે બિહારમાં આપણાં ભાઈઓ અને બહેનોએ મહાગઠબંધનના જંગલ રાજ અને ભ્રષ્ટાચારને સંપૂર્ણપણે નકારી કાઢ્યો છે અને NDAના સુશાસન, સ્થિરતા અને વિકાસના દ્રષ્ટિકોણને સ્વીકાર્યો છે.

આજના કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ મહાસચિવ શ્રી જિજ્ઞેશ પટેલ, ભૂતપૂર્વ પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી દિપેશ ટંડેલ, ભાજપ OBC મોરચાના રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય શ્રી વિશાલભાઈ ટંડેલ, તમામ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, પ્રદેશ અને જિલ્લા ભાજપના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષમાં

# આજે દાનહ જિલ્લા પ્રશાસન દ્વારા જ્ઞાનમાતા ઈંગ્લીશ હાઈ સ્કૂલ, ખાનવેલ ખાતે 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણી કરીશે

## કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ ઉપસ્થિત રહેશે



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સેલવાસ, તા.૧૪:** દાનહ જિલ્લા પ્રશાસન દ્વારા આવતી કાલે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિના ઉપલક્ષમાં 'આદિવાસી ગૌરવ દિવસ'ની ઉજવણીના ભાગરૂપે સવારે ૧૧:૦૦ વાગ્યે જ્ઞાનમાતા ઈંગ્લીશ હાઈ સ્કૂલ, ખાનવેલ ખાતે જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ અવસરે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન ભગવાન બિરસા મુંડાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા તમામ આદિવાસીઓને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બિલીમોરા દેવસર ગામે અંધશ્રદ્ધાએ હદ વટાવી

# જનેતાને સપનામાં કોઈએ બાળકને મારવાનું કહેતા ફૂલ જેવા બે માસૂમ બાળકોને ગળે ફાંસો દઈ મારી નાંખ્યા!

## મહિલાએ સસરા ઉપર હુમલો કરવાનો પ્રયાસ કરેલો પરંતુ લોકો આવી જતા ઘરમાં પૂરાઈ જઈને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૧૪**

એકવીસમી સદીમાં પણ અંધશ્રદ્ધાની અમુક માનસિક પછાત લોકોના મનમાં એવી રીતે ઘર કરી જાય કે અનર્થ કામો કરી નાંખતા હોય છે. કંઈક તેવી ઘૃણા ઉપજાવે તેવી ઘટના બિલીમોરાના દેવસર ગામે ઘટી હતી. રાત્રે સુતેલી જનેતાને સપનામાં માતાજી આવ્યા અને કહ્યું કે બાળકોને મારી નાંખ અંધશ્રદ્ધામાં ગળાડૂબ થયેલી માતાએ બે બાળકોના ગળા દબાવી હત્યા કરી નાખી છે.

ગત મોડી રાતે બીલીમોરાના દેવસર ગામે મહારાજા એપાર્ટમેન્ટમાં બનેલી ઘટના તમને ગુજરાતી ફિલ્મ વશની યાદ અપાવશે. માતાને સપનામાં કોઈએ બાળકોને મારવાનું કહેતા બંને બાળકોને ગળુ દબાવી મારી નાંખ્યા છે. બાળકોની હત્યા બાદ પોતાના સસરાને પણ મારવાનો પ્રયાસ કર્યો, પણ સસરા નાસી છૂટતા તેમનો જીવ બચી ગયો છે. આ દરમિયાન માતા પોતાને પણ આદેશાનુસાર ફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કરી રહી હતી.

ઘટનાની જાણ થતાં ઘટના સ્થળે પહોંચેલી પોલીસે દરવાજો તોડી મહિલાને બચાવી લેવાઈ છે. બીલીમોરા પોલીસે હત્યારી માતાની ધરપકડ કરી છે. આરોપી મહિલાનો પતિને ટાઈફોઈડ હોવાથી બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. ત્યારે મહિલાએ બાળકોની હત્યા કરી હતી. પોલીસે નિષ્ઠુર માતા વિરૂધ્ધ ડબલ મર્ડરનો ગુનો નોંધી તપાસને વેગ આપ્યો.

અંધશ્રદ્ધાની ઘટના આટલી હકિકતથી અટકી નહોતી પરંતુ ત્યારબાદ મહિલાએ સસરા ઉપર હૂમલો કરવાનો પ્રયાસ કરેલો પરંતુ લોકો આવી જતા ઘરમાં પૂરાઈ જઈને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાળકો ઉગરી ગયા હોવાની છેલ્લી વિગતો જાણવા મળી છે. લોકોમાં આ ઘટનાએ જબરજસ્થ ચકચાર મચાવી દીધી હતી.

# વાપી ચલા મુક્તાનંદ માર્ગ પરની એન.એ. જમીનના કોમન પ્લોટ પરનો કબજો હટાવવા કલેક્ટરની સૂચના બાદ પણ મનપાનો કાર્યવાહીમાં વિલંબ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૪**

વાપી પાલિકા હદની ચલા મુક્તાનંદ માર્ગ પર આવેલ સર્વે નંબર ૨૮૧/૧+૨ જમીન કાસાજી લાલુભાઈ દેસાઈના નામથી એન.એ. થયેલી છે. આ જમીનના ૬૫૧૫૬.૦૦ ક્ષેત્રફળમાંથી ૩૩૯.૯૦ ક્ષેત્રફળ ધરાવતો કોમન પ્લોટ નંબર ''એ'' ફાળવવામાં આવેલ છે. આ કોમન પ્લોટ ઉપર છેલ્લા એક વર્ષથી કબજો કરી બાંધકામ તેમજ નર્સરી પ્લાન્ટ અને ચિકનની હાટડી જેવી પ્રવૃત્તિ કાર્યરત થતા સ્થાનિક રહેવાસીઓએ કલેક્ટરનું ધ્યાન દોર્યુ હતું. કલેક્ટરશ્રીએ સ્થાનિકોની રજૂઆતને પ્રાધાન્ય આપતા ગત તારીખ ૧૦/૨/૨૫ના રોજ વાપી પાલિકાના ચીફ ઓફિસરને આદેશ કરી જરૂરી કાર્યવાહી કરી અહેવાલ દિન પાંચમા મોકલવા આદેશ કર્યો હતો. પરંતુ આ આદેશની પાલિકાના વહીવટ ઉપર કોઈ અસર થવા પામી નથી. ત્યારબાદ ગત તારીખ ૧૭/૧/૨૫ ના રોજ વાપી મામલતદારશ્રીને આ સમગ્ર વિષયને મુખ્યમંત્રી ફરિયાદ નિવારણમાં આવરી લઈ સ્વાગત પોર્ટલમાં ઓનલાઈન ડેટા એન્ટ્રી કરી નિકાલ કરવા વિનંતી કરી હતી.

આ વિષયના સંદર્ભમાં વાપી મામલતદાર કચેરીમાં મુખ્યમંત્રી ફરિયાદ નિવારણ અંતર્ગત મળેલી બેઠકમાં વાપી પાલિકાના અધિકારી તેમજ ફરિયાદીની ઉપસ્થિતિ વચ્ચે ફરિયાદીની માંગ મુજબ યોગ્ય નિકાલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. પરંતુ અહીં પણ કોઈક કારણસર વિલંબ થતાં જોવું મળી રહ્યું છે. જો કે આ ઘટનામાં વાપી પાલિકામાં ટાઉન પ્લાનર તરીકે જવાબદારી નિભાવતા શ્રી કલ્પેશભાઈ દેસાઈનો સંપર્ક કરતા એમણે કોમન પ્લોટમાં કબજો કરનારાઓને ટૂંક સમયમાં હટાવી દેવામાં આવશે એની પ્રક્રિયા આધારિત નિયમ મુજબની કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવી હોવાની માહિતી આપી છે. હવે જોવું રહ્યું કે, આ કાર્યવાહી ક્યારે પૂર્ણ થશે પરંતુ હાલમાં આ સમગ્ર ઘટનાના ફરિયાદી શ્રી અનિકેતભાઈ નારણભાઈ પટેલ આજે પણ ન્યાયથી વંચિત છે અને કોમન પ્લોટમાં કબજો કરનારાઓનું પેટનું પાણી હાલતું નથી એવું ચિત્ર ઘટના સ્થળ ઉપરથી દેખાઈ રહ્યું છે.

મહિલા પ્રભારી સિમ્પલબેન કટેલાના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખ એસ.કે. શુક્લાના અધ્યક્ષસ્થાને

# નાની દમણ સરકીટ હાઉસ ખાતે 'ગંગા સમગ્ર' દમણ જિલ્લા પ્રાંતની નવનિયુક્ત પદાધિકારીઓની મળેલી જાહેર સભા




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૪**

'ગંગા સમગ્ર' દમણ જિલ્લા પ્રાંતના મહિલા પ્રભારી શ્રીમતી સિમ્પલબેન કટેલાના માર્ગદર્શન હેઠળ અને પ્રમુખ શ્રી એસ.કે. શુક્લાના અધ્યક્ષસ્થાને, ગંગા સમગ્ર દમણ પ્રાંત દ્વારા આજે ૧૪ નવેમ્બરના શુક્રવારના રોજ સર્કિટ હાઉસ, નાની દમણ ખાતે નવનિયુક્ત પદાધિકારીઓની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેઠકમાં પદાધિકારીઓનો પરિચય, પ્રોટોકોલ મુજબ તેમને સોંપવામાં આવેલા હોદ્દાઓની સમજણ અને જવાબદારીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ગંગા સમગ્ર અને તેના પરિમાણો વિશે વિગતવાર માહિતી અને આગામી દિવસોમાં દમણ પ્રાંત દ્વારા અપેક્ષિત કાર્યક્રમો પર વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું અને તમામ સૂચનો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

આ પ્રસંગે, દમણ નગરપાલિકાના વોર્ડ નંબર ૯માંથી બિનહરીફ વિજેતા શ્રીમતી સિમ્પલબેન કાટેલાનું ગંગા સમગ્ર પરિવાર વતી ફૂલોના ગુલદસ્તાથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને બેઠકમાં હાજર રહેલા તમામ પદાધિકારીઓનો આભાર માનવામાં આવ્યો હતો.

આજે મળેલી બેઠકમાં ગંગા સમગ્ર દમણ પ્રાંત કારોબારી યાદી સમિતિની રચના પણ કરવામાં આવી હતી. શ્રીમતી સિમ્પલબેન કાટેલાની મહિલા પ્રભારી તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી. જ્યારે પ્રમુખ પદે શ્રી એસ.કે. શુક્લની વરણી કરવામાં આવી હતી. શ્રી રાજેન્દ્ર કોકાટે- મહામંત્રી, શ્રીમતી તૃપ્તિબેન પટેલ- મહામંત્રી, શ્રી જગમોહન સિંહ- ઉપ પ્રમુખ, શ્રી હરીશ ઠુમરે-ઉપ પ્રમુખ, શ્રીમતી રુક્મિણી ભાનુશાલી- ઉપ પ્રમુખ, શ્રીમતી જ્યોતિ પટેલ- ઉપ પ્રમુખ, શ્રી કબીર મહાપાત્રા- ખજાનચી, શ્રી અશોક સિંહ- મંત્રી, શ્રીમતી કલ્પના મહલ્લે- મંત્રી, શ્રીમતી પુષ્પા ધુકા- પ્રમુખ (આરતી પરિમાણ), શ્રીમતી ગાયત્રી ઠક્કર- પ્રમુખ વૃક્ષારોપણ (પરિમાણ), શ્રી દીપક અમૃતકર- પ્રમુખ આરોગ્ય (પરિમાણ), શ્રી છોટુ પટેલ- પ્રમુખ (શિક્ષણ પરિમાણ), શ્રી મૃગેશ ઉપાધ્યાય- અધ્યક્ષ(ઘાટ વિભાગ), શ્રી રાજુભાઈ પટેલ-મંત્રી(ઘાટ વિભાગ), શ્રી અરુણ માલપુરે- મંત્રી(શિક્ષણ વિભાગ), શ્રી યોગેશભાઈ રાજપૂત- મંત્રી(આરોગ્ય વિભાગ), શ્રી સચિન વાણી- મંત્રી(સંદેશાવ્યવહાર વિભાગ), શ્રીમતી માલતી મહાપાત્રા(સભ્ય), શ્રીમતી રૂપા ચક્રવર્તી(સભ્ય), શ્રીમતી પૂનમ સિંહ(સભ્ય) અને શ્રીમતી સોનુબેન પટેલ(સભ્ય)નો સમાવેશ થાય છે.

પ્રદેશ ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશભાઈ આગરિયાના માર્ગદર્શન હેઠળ

# બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક વિજય મેળવતા દીવ જિલ્લા ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૪**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે બીજેપી કાર્યાલય ખાતે બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (એનડીએ)ના ઐતિહાસિક વિજયને લઈ વિજયોત્સવ ઉજવવામાં આવ્યો.

આજે ભાજપ પ્રદેશ કાર્યાલય દીવ ખાતે, કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપના પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પટેલ તથા ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયાના માર્ગદર્શન હેઠળ દીવ કાર્યાલય ખાતે કાર્યકરોએ ફટાકડા ફોડી એકબીજાને મીઠાઈઓ ખવડાવી જીતની ઉજવણી કરી હતી.

બિહાર ચૂંટણીમાં એનડીએને મળેલો આ ઐતિહાસિક જાહેર સમર્થન ભારત સરકારની વિકાસલક્ષી અને જન કલ્યાણકારી નીતિઓમાં લોકોના વિશ્વાસની જીત છે, તે બિહારની વિધાનસભાની જીતે સાબિત કરી બતાવ્યું છે.

આ પ્રસંગે બીજેપી હોદ્દેદારો કાર્યકર્તાઓએ બિહારના મતદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે દીવ ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી શાકભાજી માર્કેટમાં ફરી વધુ એકવાર મારામારી સર્જાઈ : લારી પાર્ક કરવા મામલે મુદ્દો ગરમાયો

## શાકભાજી માર્કેટમાં અસામાજીક તત્વો જેવો માહોલ : ૬ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૪**

વાપી શાકભાજી માર્કેટમાં અવારનવાર મારામારીનો માહોલ જોવા મળે છે તેવી વધુ એક મારામારીની ઘટના માર્કેટમાં ઘટી હતી. બે જુથો વચ્ચે લારી ઉભી કરવાના મુદ્દે ધીંગાણું સર્જાયું હતું.

વાપી શાકભાજી માર્કેટમાં અસામાજીકોનો ખુલ્લો દોર પ્રવર્તતો હોય તેવો માહોલ, ઘટનાઓ વારંવાર બને છે. નામધા મોટા ઢોડિવાવાડમાં રહેતા ફૂટના વેપારીએ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ ફરીયાદ અનુસાર શાકભાજી માર્કેટમાં ફળોની લારીઓ પાર્ક કરવા સારૂ બે જુથો સામસામે આવી ગયા હતા. એક ટ્રક ચાલક પોતાના માણસો લઈને આવ્યો અને મારામારી કરી હતી. ટ્રક ચાલક અને તેના માણસોએ હાથ ઉપર લાકડીના જેકથી હુમલો કર્યો હતો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. મારામારીમાં ઘાયલ થયેલ શખ્સને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઘટના વિરૂદ્ધ ૬ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી ત્યાં સુધી મામલો અટક્યો નહતો. આરોપી પક્ષના લોકોએ કારના કાચ પણ તોડી દિધા હતા.